णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

आयओ गुरुबहु माणो

# સાધુતા ધારા

## પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજા કૃત

## ધર્મબિન્દુ - અણગાર ધર્મ - પંચમ અધ્યાય

## વાચના ૪૦-૪૫

પ્રિયમ્

= અવતરણમ્ =

રિતેશ સરવૈયા


**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મોબાઇલ **– 94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com**

સંવત ૨૦૭૮

09.10.2021

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના - ૪૦

ધર્મ બિંદુ ગ્રંથના પાંચમા અધ્યાયના પહેલા-શ્લોકમાં, પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ કહે છે.

बाहुभ्यां दुस्तरो यद्वत् कुरनक्रो महोदधिः ।

દરિયો છે, માત્ર દરિયો નહિ, મહાસાગર છે, એની અંદર પાછા ક્રુર એવા જળચર પ્રાણીઓ છે, એને તરી જવાનું છે, પાર ઉતરવાનું છે, એ પણ હાથેથી તરીને પાર ઉતરવાનું છે. કે બહુ જ દુષ્કર વાત છે. બરાબર એ જ રીતે

यतित्वं दुष्करं तद्वदित्याहुस्तत्त्ववेदिनः ॥

તત્વ વેદનાઓ કહે છે કે બરાબર એ જ રીતે સાધુ પણું પણ દુષ્કર છે!

## સાધુ પણું સહેલું છે જ નહિ!

સાધુપણું અઘરી વસ્તુ છે. ઘણી અઘરી વસ્તુ છે. એને બહુ જ સહેલી વસ્તુ બનાવી દેવાય. EASY-બનાવી દેવાય, મજા બનાવી દેવાય, મજાક-બનાવી દેવાય, ત્યારે આપણે કોઈ ભળતી વસ્તુને સાધુતાનું LABLE લગાડીએ છીએ. જે છે-એ છે. NEGATIVE વિચારો ન કરવા, હતાશ ન થવું, નિરાશ ન થવું, એ જુદી વસ્તુ છે.

અને વસ્તુની ગંભીરતા સમજવી એ જુદી વસ્તુ છે. દસમા, બારમા ની પરીક્ષા, C.A. - M.B.A ની FINAL પરીક્ષા, એમાં એકદમ DEPRESSION - TENSION ના લઈ લેવું, એકદમ હતાશ - નિરાશ - ના થઈ જવું, એકદમ મગજ ઉપર તાણ ન - લઈ લેવી, એ જુદી વસ્તુ છે. અને ચાલુ પરીક્ષાએ ચોપડી સાથે કોઈ લેવાદેવા જ ન - હોય ને T.V. જોવાનું હોય, ને ગપ્પા મારતા - હોય ને પરીક્ષા ની કંઈ પડી જ ના હોય - એની કોઈ ગંભીરતા જ ન હોય, એ જુદી વસ્તુ છે.

"સાધુ ચઢન કઠીન હૈ, ચઢના પેડ ખજુર
ચઢે તો ચાખે પ્રેમ રસ, પડે તો ચકનાચુર"

નીચે તો ભુસ્કા મારવાનું છે નક્કી છે. નીચે કશું નથી એ પણ નક્કી છે. ઉપર જવું છે - એ પણ નક્કી છે. સાથે સાથે ઉપર પહોંચવું - અઘરું છે, એ પણ નક્કી છે. સાવધાન ન રહે - તો જોખમ છે એ પણ નક્કી છે. પડે તો હાડકા ખોખરા થવાના એ પણ નક્કી છે.

અને ન જ થાય તો એમને એમ પતી જવાનું છે-
એ પણ નક્કી છે.

પ્રશ્ન પુછ્યો હરીભદ્રસૂરી મહારાજને
કે વાત બધી સાચી, અમને રાગ થયો સાધુતાની
દીક્ષા અમારે લેવી છે, તમે એક બાજુ આ-
બધી વાત કરી ત્યારે થઈ ગયા છે કે આપણું-
કામ નથી, મુકો બધી માથાકુટ નીચે ભુખ્યા-
મરશું તો ચાલશે, આ પડીએ તો ફાંફા લાગી.
અમને એવું કાંઈ કહો કે અમને દીક્ષા મળે-
પણ ખરી, ફળે પણ ખરી, એવું અમને કંઈ-
સમજાવો. એના જવાબમાં હરીભદ્રસૂરી મહારાજ,
બે શ્લોક કહે છે, પાંચમા અધ્યાયનો બીજો-
અને ત્રીજો શ્લોક, બહુ સરસ મજાના શબ્દો
હરીભદ્રસૂરી મહારાજના છે કે સાધુ પણું-
અઘરું છે, દુષ્કર છે, અત્યંત કઠિન છે,
આ સાંભળીને તમે ચોંકી ગયા, ચમકી ગયા,
વિચાર કરતા થઈ ગયા, માથુ ખંજવાળતા થઈ-
ગયા, ને વિચારો કે આ બધુ આપણું કામ નહિ,
એ વિચારો એની પહેલા હું એક સ્પષ્ટતા-
કરી દઉં.

Vedanta
READ | WRITE | GROW

अपवर्गः फलं यस्य जन्ममृत्य्वादिवर्जितः।
તમે તમારા સંસારની અંદર મસ્તુ ને મોંઘુ-
આની વ્યાખ્યા શેના આધારે બાંધતા હો છો?
પાંચ રૂપિયાની વસ્તુ છે, એને તમે સસ્તી કહો,
પાંચ લાખની વસ્તુ ને મોંઘી કહો એવું નથી.
સસ્તા અને મોંઘાની વ્યાખ્યા માત્ર કિંમતના-
આધારે થતી નથી, પાંચ રૂપિયાનું પાણી મળતું
હોય તો એને મોંઘુ કહેવાય. અડધો ગ્લાસ-
પાણી પીવાના પાંચ રૂપિયા તમારે ચુકવવા-
પડતા હોય, એને મોંઘુ કહેવાય. પાંચ લાખનો
કોઈ બંગલો મળી જતો હોય, તો એને મોંઘો-
ન કહેવાય, એને સસ્તો ન કહેવાય, એને-
મફતના ભાવનો કહેવાય.

સવાલ એ નથી બસ કે કઈ
કિંમત છે, કેટલી કિંમત છે? સવાલ બસ-
એ છે કે એ કિંમતના બદલામાં મળે છે શું?
વાત સમજાય તમને? હીરાની કિંમત શું છે?
કિંમત કહેવી સહેલી છે, અઘરી છે, વગેરે વગેરે,
એના વિચારો. હીરાનું ફળ શું છે, આ
વિચારો! એ કિંમત ચુકવીને તમને મળે છે શું

એ તમે વિચારો.
अपवर्गः फलं यस्य जन्ममृत्व्यादिवर्जितः।
જેનું ફળ છે મોક્ષ! જેની અંદર જન્મ નથી, મૃત્યુ નથી, રોગ નથી, શોક નથી, અકસ્માત નથી, નરક નથી, નિગોદ નથી, ચોર્યાસી લાખ યોનિ નથી, ત્યાં યાતનાઓ ને પીડાઓ નથી, પરમ આનંદ, અક્ષય આનંદ છે.
परमानन्दरूपश्च दुष्करं तन्न चाद्भुतम् ॥
શ્રી પરમાનંદ સ્વરૂપ, મોક્ષનું દાન કરે છે, એવી દીક્ષા દુષ્કર હોય, એમાં કશું આશ્ચર્ય નથી. કોઈ કહે કે ભાઈ તે પાંચ કરોડ બંગલાના આપી દીધા, ઓલો કહે કે તુ મે તો જશ બંગલો કેવો છે. પંચાવન કરોડ આપતા મળે એવો નથી. બહુ સસ્તામાં, મફતમાં, TOKEN ભાવમાં મળી ગયો એમ સમજ લે. ચાર માળ છે, તેત્રીસ રૂમ છે, આલિશાન છે. FURNITURE UP TO-DATE છે, અદ્ભુત.. અદ્ભુત.. અદ્ભુત કહેવાય, દેવલોક જોઈ લો, એવો બંગલો છે. 5 CRORES IS NOTHING. NORMALLY તમે ફક્ત રૂપિયાના આંકડા માટે વિચારો, કે પાંચ કરોડ! એ અજ્ઞાન છે.

NORMALLY તમે વિચારો કે ભાઈ હીરા !
અસ્તિત્વ નું વિસર્જન, સંપૂર્ણ ગુરુ સમર્પણ !
ગુરુમાં ભળી ગયું, ઈચ્છા ની જલેરાઈએ ચડાવી
દેવી. મન માળિયે મુકી દેવું, મન ઘરે મુકીને-
આવવું. વિહાર કરવા, લોચ કરવા, અપ્રમાદ-
ભાવ રાખવો, બધા સાધનો છોડી દેવા, પતિ-
પત્ની, દીકરો, દીકરી, મા, બાપ, ઘર, BANK-
BALANCE, કમાયેલું, સજાવેલું, ઉભુ કરેલું,
બાંધું ઘર, સામાજીક પ્રતિષ્ઠા, નામ સુદ્ધાં,
ઓળખ સુદ્ધા, બધુ જ મુકીને નીકળી પડવું,
ભગવાનની આજ્ઞા ને સમર્પિત થઈ ગયું.
પ્રવચન માતા, પંચાચાર, પંચ મહાવ્રત, ચરણ-
સીત્રી, કરણ સીત્રી, આ દસ સામાચારી, આ
સમસ્ત આચારો નું વિશુધ્ધ પાલન, મનથી પણ
દોષ લાગે એની આલોચના કરવી, પોતાના પાપો-
ની ગુરુ સમક્ષ ખુલ્લા કરી દેવા. બહુ.. બહુ..
બહુ.. બહુ.. બહુ.. બહુ અઘરુ છે. આ-
બરાબર એના જેવી વાત છે કે પાંચ કરોડ..
ના.. ના.. પાંચ કરોડ તો બહુ સોંઘુ કહેવાય.
ઈવુ તમે સમજ્યા નથી કે પાંચ કરોડ ના -
બદલામાં મળે છે શું ?

જેને દીક્ષા અઘરી લાગે છે, તેઓ

## મોક્ષને સમજ્યા જ નથી !

જ્યાં સુધી મોક્ષને ના સમજો, ત્યાં સુધી દીક્ષા-
અઘરી છે. મોક્ષ સમજાય જાય, તો દીક્ષા-
અઘરી નથી. મોક્ષ સમજાય જાય, તો દીક્ષા
સહેલી પણ નથી, મોક્ષ સમજાય જાય, તો-
દીક્ષા સહજ છે. મોક્ષ સમજાય જાય, તો

## દીક્ષા સિવાય કોઈ વિકલ્પ જ નથી !

સંસાર ફાવે છે, સંસારમાં રહી શકાય છે, સંસાર-
સારો લાગે છે, સંસારમાં આપણી જવાબદારી-
છે, માટે દીક્ષા લઈ શકતા નથી. દીક્ષામાં-
આપણું કામ નહિ, દીક્ષા બહુ જ અઘરી,
આપણને એક સામાયિક ફાવતી નથી, -
સામાયિક માં અકળામણ થાય છે, ઘડિયાળ-
દસ વાર જોઈએ છીએ, પારીએ તો શાંતિ-
થાય છે. અને દીક્ષા એટલે આજીવન નું-
સામાયિક, આજીવનનું બંધન, એક નાની નિયમ

Vedanta
READ | WRITE | GROW

લેવામાં મન ગલ્લાતલ્લા કરવાથી ઊંચું આવી શકતું નથી. આજીવનની પંચ મહાવ્રત ની-પ્રતિજ્ઞા લેવી, આજ.. આજ જેને કહેવાય કે-ધ્રુવ જ થાતે નહિ, આવી સ્થિતિ છે. આનો અર્થ એવો બિલકુલ નથી કે દીક્ષા અઘરી છે, કે આપણે નબળા છીએ, કે પરિસ્થિતિ નથી, કે જવાબદારી છે, કે સંસારનો રાગ સતાવે છે, આનો અર્થ એટલો જ છે,

## કે આપણે મોક્ષ ને સમજ્યા નથી !

अपवर्गः फलं यस्य जन्ममृत्य्वादिवर्जितः।

આગમ એમ કહેતો હોય છે કે ભાઈ મને દોઢ લાખમાં ADMISSION મળી ગયું. - છોકરાને NURSERY માં મુકવાની હતી. મને દોઢ લાખમાં ADMISSION મળી ગયું તને VALUE છે એની ! એક રીંગા વાળા-સાથે, શાકવાળા સાથે, દોઢ રૂપિયા માટે મગજમારી કરતા નથી ! દોઢ લાખ રૂપિયા ચુકવી ને મળે ફાવી ગયા, ફાટી ગયા, મળી ગયું, અને ખોઈ ગયું બધું તમારું ! કાંઈ ઠેકાણું-

નથી EDUCATION માં ! તમારો દીકરો-
બગડી જવાનો, જિદ્દી થવાનો, જલ્લાદ થવાનો
વિચિત્ર થવાનો, ખોટે પડવાનો, તમને ગાળો-
ભાંડવાનો, જો રસ્તે તમે એને ચડાવ્યો, પણ
તમને લાગે છે કે તમે કોઈ મોટું કામ કર્યું !

બરાબર એનાથી ઉંધી ઘટના,
મોક્ષ મળી રહ્યો છે ને આપણા નાટક-નખરા
ચાલુ છે. દીક્ષા માં તો આત્મ થાય ને, તેમ-
થાય ને, ઉલાણું થાય, ત્યારે ભાઈ મોક્ષ મળે
છે !

परमानन्दरूपञ्च दुष्करं तन्न चाद्भुतम् ॥

સંયમ લીધા પછી પણ જ્યાં અટકવાનાં આવે,
જ્યાં એમ થાય કે આટલું મને નહિ ફાવે,
ગુરુની નવ આજ્ઞા ફાવશે, દસમી આજ્ઞા-
નહિ ફાવે. આટલો બધો અપ્રમાદ ભાવ,
જરાય બાધ ભાવોમાં નહિ જવાનું, જરાય વાતો-
માં નહિ જવાનું, જરા પણ બહાર ડોકિયું નહિ-
કરવાનું, જરા હવે FRESH થવું છે ને આમ-
ની તેમ, આવા કોઈ નખરા નહિ કરવાના, આવુ
બધુ આપણને ન ફાવે, આટલું બધું! ના,

Vedanta READ | WRITE | GROW

થોડું કરી લઈએ. હજુ મોઆ સમજાયો નથી !
જ્ઞાનસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

તૈલપાત્રધરો યદ્વત્ રાધાવેધોદ્યતો યથા ।

એ તેલ પાત્રમાંથી એક તેલનું ટીપું નીચે પડે તો ત્યાંને ત્યાં ડોકું ઉડાવી દેવાની રાજાની આજ્ઞા છે. આખા નગરની અંદર ઉત્સવ છે. નૃત્યાંગનાઓ નાચી રહી છે, માદક વાતાવરણ છે, સુગંધ.. સુગંધ છે.. ખાવા પીવાના પદાર્થો છે, લોકો ઝૂમી રહ્યા છે, મ્હાલી રહ્યા છે, ભલભલાનું મન ચળે એવું વાતાવરણ. પેલો પરમનાસ્તિક માણસ, ધર્મમાં નહિ માનનારો માણસ, તેલનું પાત્ર છલોછલ લઈને નીકળ્યો છે, આખું નગર ફરીને આવ્યો છે, રાજા કહે આ રીતે. શક્ય જ નથી કે તેલનું એક ટીપુ નીચે ના-પડે. બે બાજુ ખુલ્લી તલવારે માણસો ચાલતા હોય. પેલો નાસ્તિક માણસ, વિષયી માણસ, શોખીન માણસ, રંગીન માણસ. અને એ કહી દે કે રાજન મોત દેખાતું હોય ત્યારે-અપ્રમાદ ભાવ સિવાય બીજું કશું શક્ય જ નથી.

અનંત સંસાર દેખાય, અનંત મૃત્યુ દેખાય,

અનંત નરક દેખાય, તો,

દીક્ષા જેવી સહજ અને સહેલી વસ્તુ બીજી કોઈ છે જ નહિ !

આઠ મો.

રાધાવેધ કરવાનો છે, એક આઠ ફરે, એક એનાથી ઉંધુ ફરે, એના આંતરાઓ માંથી, એક લાઈનમાં જ્યારે ઉપર ફરતી પૂતળીની ડાબી આંખ એક LEVEL માં આવે ત્યારે ત્યાં BALANCE રાખીને ઉભા રહેવાનું, નીચે પાણીમાં પ્રતિબિંબ જોઈને, ઉપર નિશાન તાકીને, રાધા એટલે કે એ પૂતળીની ડાબી આંખ એને વિંધી નાખવાની.

क्रियास्वनन्यचित्त: स्याद् भवभीतस्तथा मुनि:।

સંસારનો ભય ડર છે, નરકનો ભય છે, નિગોદનો ભરડાટ છે, ભવભ્રમણથી ય થાકયા છો, ભવભ્રમણ કરવું નથી, અનંત મૃત્યુ ય નજર સામે દેખાય છે, તો સમજી લો કે- દીક્ષામાં અપ્રમાદ ભાવ લાવવો, ક્રિયામાં અપ્રમાદ-

ભાવ લાવવો, જિનાજ્ઞાની અંદર સ્થિર થઈ જવું, જિનાજ્ઞા ના પાલન સિવાય કોઈ વિકલ્પ જ ના રહે, એ બહુ જ સરળ છે.

હરીભદ્રસૂરી મહારાજને પુછીએ કે ભાઈ વાત સાચી, આ પણ કઈ રીતે લાવવું? વાત સાચી કે મોક્ષ જૈનું ફળ છે, દીક્ષા તો કોઈ સાવ જ રમત વસ્તુ ન હોય શકે. અને બીજું એ પણ સત્ય છે કે, મોક્ષ મળતો હોય તો દીક્ષા એ રમત જેટલી સહેલી અને મજેદાર, રસ પડે એવી વસ્તુ છે. પણ હવે અમને એવો કોઈ TIPS આપો, જેનાથી અમે દીક્ષા હોંશે હોંશે લઈ શકીએ, અને વિશુધ્ધ રીતે પાળી શકીએ. હરીભદ્રસૂરી મહારાજ આગળ વધે છે, શ્લોક નંબર ત્રણ,

ભવસ્વરૂપવિજ્ઞાનાત્તદ્વિરાગાચ્ચ તત્ત્વતઃ।

ત્રણ વસ્તુ જો તમારી પાસે છે, તો તમે દીક્ષાને લઈ પણ શકશો ને વિશુધ્ધ રીતે પાળી પણ શકશો. પહેલી વસ્તુ છે, ભવસ્વરૂપનું વિજ્ઞાન. બીજા નંબરની વસ્તુ છે, સંસારથી અત્યંત વૈરાગ્ય, સંસારમાંથી મન જ ઉઠી ગયું હોય,

એવી દશા,

अपवर्गानुरागाच्च स्यादेतन्नान्यथा क्वचित् ॥

અને મોક્ષ નો અનુરાગ. આ ત્રણ વસ્તુ મળે, તો જ દીક્ષા નું ગ્રહણ અને શુધ્ધ પાલન-શક્ય છે. આ ત્રણ વિના, દીક્ષા મળવી અને ફળવી શક્ય નથી.

આત્મકલ્યાણ જેને કરવું છે, એવા આત્માર્થી જીવો, એમણે સતત સંસારી-કે દીક્ષીત અવસ્થામાં, એવો પ્રયાસ કરતા રહેવું જોઈએ. સંસારનું સ્વરૂપ વધારે ને વધારે સ્પષ્ટ-થાય. ઉપમિતિ ભવ પ્રપંચ કથા, સંવેગ રંગ શાળા, વૈરાગ્ય શતક, ઈન્દ્રિય પરાજય શતક, અધ્યાત્મ-કલ્પદ્રુમ, અધ્યાત્મ સાર, આવા સંસાર ના-સ્વરૂપને સ્પષ્ટ કરતા ગ્રંથો નું ખુબ પારાયણ, ખુબ શ્રવણ. અનેક ચિંતન - સ્વાધ્યાય, સંસાર પ્રત્યે ખુબ જ વૈરાગ્ય કેળવવાનો પ્રયાસ, મોક્ષ ના સ્વરૂપ ને વધારે ને વધારે સમજ્વું ને, એના આશિક બની જવાનું. એના પ્રેમી બની જવાનું, એની તલસાટ એની તરફડાટ-કેળવવાનો પ્રયાસ. આ ત્રણ પ્રયાસ એ.

કરવામાં આવે, તો આપણા ગલ્લાતલ્લા, બહાના, સુખશીલતા, પ્રમાદ, અનિયારી, બધું જ જતું રહેશે.

## સાધના મોંઘી નથી !

## સાધના સહેલી નથી !

# સાધના સહજ છે !

સાધના સિવાય કોઈ જ વિકલ્પ નથી એવી સજ્જતા કેળવીએ. આજે સમય થયો છે, આજે આરંભ કરીએ.

---

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના - ૪૧

ધર્મ બિંદુ ગ્રંથમાં, પાંચમાં અધ્યાયમાં, પૂજ્ય-
હરીભદ્રસૂરીશ્વરજી મહારાજ, પહેલા સુત્ર માં,
ચોથા અધ્યાયનો ઉપસંહાર કરી ને પાંચમાં-
અધ્યાયના સુત્રોની પ્રસ્તાવના કરતા કહે છે,

इत्युक्तो यतिः।

સાધુ નું વર્ણન આ રીતે અમે કર્યું. હવે કહે છે,

अधुनाऽस्य धर्ममनुवर्णयिष्यामः।

હવે અમે સાધુ ધર્મ નું વર્ણન કરશું.

यतिधर्मो द्विविधः सापेक्षयतिधर्मो निरपेक्षयतिधर्मश्च।

યતિ શબ્દ વર્તમાનમાં ગુજરાતીમાં, જુદા સંદર્ભમાં
પ્રયોજાય છે, જે શિથિલાચારી હોય, વેષધારી હોય,
જે ગૃહસ્થ જેવું જીવન જીવે, સાધુના કપડા પહેરે-
એનું નામ યતિ. આ વર્તમાન ગુજરાતી ભાષાની
વ્યાખ્યા છે. યતિ શબ્દ નો મુળ અર્થ સંસ્કૃત કે
ગુજરાતીમાં આ નથી.

યતિ શબ્દ નો મુળ અર્થ સાધુ છે!

સાધુ, શ્રમણ, તપોધન, વ્રતી, યતિ આ બધા
સમાનાર્થી શબ્દો છે. બે પ્રકારનો ધર્મ સાપેક્ષ-
યતિ ધર્મ, નિરપેક્ષ યતિ ધર્મ. એટલે કે

Vedanta READ | WRITE | GROW

સાપેક્ષ શ્રમણ ધર્મ, નિરપેક્ષ શ્રમણ ધર્મ. સાપેક્ષ નો અર્થ છે સામાન્યથી કહીએ તો કે સ્થવિર-કલ્પ, ગુરુકુલવાસ, ગચ્છવાસ, એમાં જે-પાળવાનો યતિ ધર્મ એ સાપેક્ષ યતિ ધર્મ! જે જિનકલ્પ, તીર્થંકર કલ્પ, એકલ વિહારી-પ્રતિમા વગેરે ની અંદર પાળવાનો શ્રમણ ધર્મ-એનું નામ છે, નિરપેક્ષ યતિ ધર્મ. વ્યાખ્યા-કરી છે, ગુરુ, ગચ્છાદિ સહાય ની અપેક્ષા જેની અંદર હોય, જ્યાં ગુરુની અપેક્ષા છે, ગચ્છની-અપેક્ષા છે, સહાય ની અપેક્ષા છે તે સાપેક્ષ-યતિ ધર્મ. જેમાં એની કોઈ અપેક્ષા નથી, તે નિરપેક્ષ યતિ ધર્મ.

## સુત્ર નંબર બે

तत्र सापेक्षयतिधर्मः।

એમાં સાપેક્ષ યતિ ધર્મ એ આ રીતે કહેવાય છે.

गुर्वन्तेवासिता।

સુત્ર નંબર ત્રણ. ગુરુની પાસે આજીવન રહેવું. એનું નામ ગુરુવન્તે વાસિતા! બહુ મહત્વની વાત સંયમ જીવનના સંદર્ભમાં આ છે, ગુરુની સાથે રહેવું!

ગુરુદેવ એમને વાત કરતા હતા સંયમ જીવનના -
એમના શરૂઆત ના દિવસો, મુંબઈમાં કોઈ -
જગ્યાએ પૂજ્ય ગચ્છાધિપતિશ્રી વગેરેની નિશ્રામાં
બધા હતા. ગુરુદેવ ને આયંબિલની ઓળી -
ચાલતી હતી. જે જગ્યાએ હતા ત્યાં આયંબિલ -
ખાતુ હતુ નહિ, ગોચરીનું થઈ રહે પણ દોષ લાગે
એવી શક્યતા હતી, સાડા દસ - અગિયાર વાગ્યા -
છે. ગુરુદેવ પાત્રા લઈને, ગચ્છાધિપતિશ્રી ની પાસે
આવ્યા છે, યત્થએણ વંદામિ કર્યુ છે, સાહેબ
કહે કઈ બાજુ ? ગુરુદેવે કહ્યું કે, સાહેબ -
અહિંયા વ્યવસ્થા છે નહિ, નિર્દોષ થાય એવું
નથી. બે - ત્રણ કિલોમીટર ઉપર આ જગ્યા છે,
ત્યાં નિર્દોષ આયંબિલ થઈ જાય એવું છે, અને
ત્યાં હું જાઉં છું, ત્યાં આયંબિલ કરીશ,
આયંબિલ કરીને, પડિલેહણ વગેરે કરીને બપોરે
પાછો આવી જઈશ.

ગચ્છાધિપતિશ્રી એ એ સમયે
ગુરુદેવ ને કહ્યું, કે તારે દોષિત આયંબિલ કરી
લેવાનું, પણ ગુરુથી છુટા નહિ પડવાનું. પંચાસક
ગ્રંથમાં હરીભદ્ર સૂરી મહારાજ કહે છે કે, કેટલાક -

ધુવો જેવા હોય છે, જેઓ દીક્ષા લીધા પછી એવું વિચારે છે કે, અહિંયા ૨૫-૫૦ નું મોટું GROUP છે, પંદર-વીસ ઠાણા કાયમ સાથે ને સાથે જ હોય છે. અને એટલા ઠાણા હોય તો દરેક ક્ષેત્રમાં નિર્દોષ ગોચરી-પાણી મળતા નથી. કંઈ ને કંઈ દોષ લાગી જાય, એ ના એ ઘરે-આપણે નહિ તો બીજા કોઈ મહાત્મા જતા હોય. અને એના કારણે સંયમમાં દોષ લાગે, એષણા સમિતિ સચવાય નહિ, બેતાલીસ દોષમાંથી કોઈ-ને કોઈ દોષ BY CHANCE પણ લાગી જાય, કદાચ ગોચરી નિર્દોષ મળે, પાણી નિર્દોષ-મળતું નથી. અને નિર્દોષ પાણી માટે, આપણે જઈએ, પણ બધાનું પુરું જ ના થાય, કારણકે એટલા ઠાણાનું ઘર ઘરમાં મળે એવું જ નથી. એના કરતા આપણે બે હોઈએ, ત્રણ હોઈએ, તો આપણને ગોચરી પાણી તદ્દન નિર્દોષ-મળી જાય.

## શા માટે આપણે જુદા ના પડી જઈએ ?

આપણને સ્વચ્છંદતા જોઈએ છે એવું નથી,

આપણને ગુરુ નથી મળતા, ગુરુકુલવાસ નથી મળતો, એવું નથી. નિયમન નથી મળતું, એવું નથી. આપણને સંયમ મળ્યો છે. આ ઉકાળેલા પાણીના લોટા આપણા નામે થાય. આ - ભગવાને આપેલી એષણા સમિતિ ની શુદ્ધિ - બતાડી, અને આપણને કોઈ ને કોઈ નાના મોટા દોષ લાગી જાય, આ કઈ રીતે ચાલે (?) ચાલો આપણે છુટા પડી જઈએ, આવુ જે વિચારે. આવુ જે કરે, પંચાસક ગ્રંથમાં હરીભદ્રસૂરી મહારાજ - કહે છે. કે આ બરાબર એના જેવી વાત છે.

भीतहन्तुर्यथा तस्य पदस्पर्शनिवारणम् ।

રાજાને મોરના પીંછા જોઈતા હતા, રાણીને - દોહલો થયો છે, મોર ના પીંછા ક્યાંય મળતા - નથી. ભીલ રાજા એમના ગુરુ તેમને ભીલ - કહેવાય. ભીલ ગુરુ પાસે મોરના પીંછા છે ને એ પીંછા મળે, એના માટે રાજાએ એમને કહેવડાવ્યું, એણે ના પાડી દીધી, સેવક પાછો આવ્યો. રાજા કહે કે હવે સૈનિકો ને લઈને જાવ, બળાત્કારપૂર્વક - કહો કે આપવા પડશે. ન આપે તો મારી કુટીને પણ લાવજો. જરૂર પડે તો હત્યા કરીને લાવજો, પણ મેં સાંભળ્યું છે કે ગુરુ ને પગ લાગી જાય તો

ઘણું બધું પાપ લાગે, માટે આ બધું કરવામાં - તમે એમને પગ ન લાગી જાય એનું ધ્યાન રાખજો. સેવકો જાય છે. બીજા ગુરુ કોઈ પણ હિસાબે - આપવા માંગતા નથી. એમને મારે છે, પીટે છે, એમની હત્યા કરે છે, પીંછા લઈને આવે છે, બધી વાત કરે છે. કે એમને પુરા કરીને પાછા - લાવ્યા છીએ. રાજા બહુ જિજ્ઞાસા સાથે, આતુરતા - સાથે કહે છે કે પગનો નહતો લગાડયો ને, પેલા કહે કે નહતો લગાડયો, રાજાને શાંતિ થઈ - જાય છે.

હરીભદ્રસૂરી મહારાજ કહે છે, ગુરુકુલવાસ, ગુરુનું સાનિધ્ય, ગુરુની નિશ્રા, ગુરુની આજ્ઞાનું પારતંત્ર્ય, એ વધારે - મહત્વની વસ્તુ છે. અને ગુરુ છે એમનાથી છુટા પડીને, એ એષણા સમિતિ સચવાય, નિર્દોષ ગોચરી પાણી મળે, એ ઓછી મહત્વની વસ્તુ છે. જેઓ છુટા પડીને નિર્દોષ ગોચરી પાણી વાપરવા ઇચ્છે છે, તેઓ હકીકતમાં, બીજા ગુરુની હત્યા કરીને, તેમને પગનો નથી જ લાગી ગયો એનો સંતોષ માનવા ઇચ્છે છે. હરીભદ્ર સૂરી મહારાજ પંચાસક ગ્રંથમાં કહે છે,

Vedanta

पायं अहिण्णगंठीतमाउ तह दुक्करं पि कुव्वंता ।

ગુરુથી છુટ્ટા પડીને નિર્દોષ ગોચરી, નિર્દોષ પાણી, અત્યંત મેલા કપડા, ઉગ્ર આચાર, પરિશુદ્ધ ક્રિયા, અપ્રમત્ત સાધુ ચર્યા, ત્રીજા પહોરે વિહાર, વગેરે વગેરે ચર્યાનું જે પાલન કરે છે, તેઓ કશું જ સમજ્યા નથી. પ્રાય: કરીને તેમની - અંદર, સમ્યક્ત્વ સુધ્ધા ન હોય, સંયમ સુધ્ધા ન હોય, અને આગળ વધીને, હરીભદ્રસૂરી - મહારાજ કહે છે કે પ્રાય: કરીને તેઓ અનાદિ મિથ્યાત્વી હોય, જેમની ગ્રંથિભેદ સુધ્ધા ન થયો હોય.

## હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

बज्झा व ण ते साहू

તેઓ શાસનમાં નથી, તેઓ શાસનની બાહ્ય છે.
હરીભદ્રસૂરી મહારાજ કહે છે, ઘરે રહીને, રસોઈ ચલાવી ને, જેઓ ત્રણ ટંક PURE દોષિત, આધાકર્મી, પોતાના માટે બનેલી રસોઈ વાપરે છે, એવા શ્રાવક કરતા પણ નિર્દોષ ચર્યા માટે ગુરુકુલવાસ ને છોડનારા સાધુ વધારે પાછળ છે.
હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

ધંમ્મારણીય વિનોયા।

કાગડાના દ્રષ્ટાંતથી તેમને સમજાવ્યા, જેઓ આ રીતે નિર્દોષ ચર્યા માટે, ગુરુકુલવાસને છોડે છે. હરીભદ્રસૂરી મહારાજ ને પુછ્યું કયું કાગડા નું દ્રષ્ટાંત? એક તળાવ છે, ત્યાં વૃક્ષ છે, કાગડાઓ ત્યાં રહે છે, જુવાન કાગડા ભેગા થયેલા છે. કોઈક જઙવા આવી છે, વાત આવી છે, કે આ તળાવ તો સાવ જેવુ તેવુ છે, એનું પાણી સ્વાદિષ્ટ નથી, કાંઈ ઠેકાણા નથી. અહિંયા લોકો કચરો નાખી જાય છે. આમ દૂર દૂર જઈએ ને એક મોટુ સરોવર આવે ને અમૃત જેવું એનું મધુરુ પાણી છે. વડિલ કાગડાઓએ એમને વાર્યા પણ તેઓ માન્યા નહિ. નીકળી ગયા, ઉડી ઉડીને થાકી ગયા. સરોવર નું નામો-નિશાન નથી. તરસ્યા છે, થાકેલા છે, તડકો વધ્યો છે, પ્રાણ કંઠે આવ્યા છે. તરફડીને એ કાગડાઓ મૃત્યુ પામી જાય છે.

તળાવ છે, વર્ષો જુનુ છે, જેવું છે એવું, એનાથી આપણી તરસ એ છીપે છે, સુખેથી રહીએ છીએ, બની શકે કોઈક કચરો હોય, બની શકે કોઈ નાહી-ધોઈ જાય, કપડા ધોઈ જાય,

કોઈક કોઈક અશુચિ પણ થઈ જાય, બની શકે, પણ THAT DOESN'T MEAN કે તળાવ - આખુ ગંદુ જ છે, હેય જ છે, અને તળાવ નથી તો પછી કશું નથી.

ગુરુકુલવાસ, બની શકે એની - અંદર વાસણ હોય તો ખખડે ય ખરા. બની શકે જેમ ઘરમાં કોઈક કલેશ કલહ થઈ જાય. એવું ગુરુકુલવાસમાં એ થાય. છદ્મસ્થતા છે.

હરીભદ્રસૂરી મહારાજ બીજું - ઉદાહરણ આપે છે,

મીણા જહા સાગરમ્મિ....

દરિયાની અંદર પાણી છે, માછલાઓ છે, અથડામણ - કુટામણ છે, કોઈક ક્યારેક બચકુ ભરી જાય છે, બની શકે. જે માછલુ એમ વિચારે કે આ દરિયાની અંદર જ બધી ઉપાધિ છે, દરિયાની બહાર જતા રહીએ. મરી જાય બધી માથાકુટ,

ણિગ્ગયમેત્તા વિણસ્સંતિ ।

જેવા એ બહાર નીકળે, એવી એમનો વિનાશ - - થઈ જાય.



Vedanta READ | WRITE | GROW

બરાબર એ જ રીતે ગુરુકુલવાસની અંદર, અને ક્યાંક કોઈ અપડામણ-કુટામણ થાય, અને એષણા સમિતિની અંદર નાના-મોટા દોષ લાગી લાગી જાય, બની શકે બારે માસ નિર્દોષ પાણી દુર્લભ બને, બની શકે કે સ્વાધ્યાય કરવો છે પણ એકદમ અલાયદી જગ્યા ન મળી, જેના-કારણે કંઈક સ્વાધ્યાય ઓછો થયો, બની શકે કોઈને ઊંઘ બહુ શાંતિમાં જ આવી શકે એવું હોય, અને એ મહાત્માને ગુરુકુલવાસની-અંદર, ઊંઘ બરાબર થાય નહિ, ઓછીવત્તી થાય, શારિરીક, માનસિક, સંયમ શુદ્ધિના કોઈ પણ વિઘ્ન ગુરુકુલવાસમાં ભલે આવે, ગુરુકુલવાસ છોડવો નહિ, ગુરુકુલવાસમાં ઓછી આરાધના-થાય તો ચાલે. ગુરુકુલવાસમાં પરિશુદ્ધ-એષણા સમિતિ ન છૂટકે ન જ પળાય તો ચાલે. પણ ગુરુકુલવાસ છોડીએ આ તો ન જ ચાલે. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

× × × × × ×

Vedanta

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના ૪૨

ધર્મ બિંદુ ગ્રંથમાં પૂજ્ય હરીભદ્રસૂરીશ્વરજી મહારાજા, પાંચમા અધ્યાયના ત્રીજા સૂત્રમા કહે છે.

गुर्वन्तेवासिता ।

ગઈકાલની વાત ચાલે છે, જેમ ગુરુને મારી નાખ્યા પછી પગ લાગ્યો કે ન લાગ્યો, એ વાતનું કોઈ મહત્વ રહેતું નથી. એમ જેમણે ગુરુ ને છોડી દીધા, ગુરુકુલવાસ છોડી દીધો, એણે પછી એષણા સમિતિ પાળી... ન પાળી, આચારો કેવા પાળ્યા, ક્રિયાઓ અપ્રમત્ત પણે કરી કે ન કરી, એ બધી વાતોનું કોઈ મુલ્ય રહેતું નથી.

હરીભદ્રસૂરી મહારાજા યોગબિંદુ ગ્રંથની અંદર બહુ સુંદર કહે છે.

सच्चेष्टितमपि स्तोकं गुरुदोषवतो न तत् ।

જેનામાં મોટો દોષ છે, એનું નાનું પણ સુકૃત સાચુ નથી.

भीतहन्तुर्यथान्यत्र पादस्पर्शनिषेधनम् ।

જે રીતે ગુરુને મારી નાખ્યા, પગથી મારવુ નહિ, પગ લગાડવો નહિ, એ જે વિનય સાચવી રાખ્યો.

Vedanta
READ | WRITE | GROW

તો એ વિનય પણ વિનય નથી. પંચાસક ગ્રંથમાં હરીભદ્રસૂરી મહારાજ બહુ સ્પષ્ટ કહે છે.

एसा य परा आणा पयडा जं गुरुकुलवासोण मोत्तव्वो

ભગવાનની સર્વોત્કૃષ્ટ કોઈ આજ્ઞા હોય, તો એ એ જ છે.

## કે ગુરુકુલવાસ છોડવો નહિ !

आयारपढमसुत्ते इत्तो च्चिय दंसियं इयं ॥

ભગવાને આચારાંગ સુત્રના પહેલા પાઠમાં આ-જ બનાવ્યું છે. સુધર્મા સ્વામી ભગવાનના-શબ્દો છે.

सुअं मे आउसंतेण ।

જ્યાં દ્વાદશાંગી ની શરૂઆત છે, જ્યાં પહેલું અંગ છે, આચારાંગ સુત્રની પહેલો શ્રુતસ્કંધ, એનો પહેલો ઉદ્દેશો, એનું પહેલું સુત્ર, એની અંદર આ જ વાત છે. સુધર્મા સ્વામી-જંબુસ્વામીને કહે છે કે હે જંબુ, હું તને જે આપી રહ્યો છું, એમાં કશું મારું નથી. ભગવાનની સાથે રહેતા, મેં આ સાંભળ્યું છે. સમસ્ત દ્વાદશાંગી ની પહેલા નંબરની ઉપદેશ છે.

Vedanta
READ | WRITE | GROW

# ગુરુની સાથે રહેવું !

ભગવાનની બધી આજ્ઞાઓમાં સર્વોપરિ આજ્ઞા છે, ગુરુની સાથે રહેવું. ભગવાન કહે છે, તમારો સ્વાધ્યાય ઓછો થાય, તો ય તમે ગુરુની સાથે રહેજો, તમારી ઊંઘ ઓછી થાય, ગુરુકુલવાસમાં કંઈક અવાજ થયા કરે તો પણ ગુરુની સાથે રહેજો. તમને કોઈ તકલીફ પડતી હોય તો એ ગુરુની સાથે રહેજો. કંઈક વાસણો અથડી જતા હોય ક્યારેક તો એ ગુરુની સાથે રહેજો. તમારી બીજી આરાધના ઓછી થાય, તો એ સમજો લો કે ગુરુની સાથે રહેવું એ જ મોટી આરાધના છે.

गुर्वन्तेवासिता ।

ગૃહસ્થ જીવનમાં સાધનાનું શિખર સર થઈ શકતું નથી, વર્ષો થયે ને તમારી ફરિયાદ હોય છે, કે અમે ત્યાં જ છીએ. તમારી ફરીયાદ છે, અમને ભાવ જાગે છે, પડી જાય છે. તમારી ફરિયાદ છે, એવુ દોષો બહુ સતાવે છે. તમારી ફરિયાદ છે, કે વર્ષો પહેલાની ફરિયાદો એવુ અકબંધ છે. આ બધાનું સૌથી મોટું કારણ-

Vedanta

એ છે, કે તમે ગુરુની સાથે રહેતા નથી!
તત્ત્વાર્થાધિગમ ભાષ્યમાં, ઉમાસ્વાતિ મહારાજ-
કહે છે,

गुरुकुलवासो ब्रह्मचर्यम् ।

ગુરુકુલવાસ એ જ બ્રહ્મચર્ય છે! ક્યાં બ્રહ્મચર્યની
નવ વાડોની વાતો, બ્રહ્મચર્યના અઢાર પ્રકારોની
વાતો, બ્રહ્મચર્યના ૧૮ હજાર શિલાંગોની વાતો,
ક્યાં મર્યાદાઓની વાતો, બ્રહ્મચર્યની SIMPLE
વ્યાખ્યા એ કહેવાય, કે ભાઈ વિજાતીયનો સંગ-
ના કરવો, મન-વચન-કાયાથી વિકાર ન પામવું
આનું નામ બ્રહ્મચર્ય. અને ઉમાસ્વાતિ મહારાજ
પાંચસો પ્રકરણના રચયિતા, તત્ત્વાર્થાધિગમ-
સૂત્રના રચયિતા, ભાષ્યની અંદર સ્પષ્ટ-
આટલી જ વ્યાખ્યા કરતા હોય,

गुरुकुलवासो ब्रह्मचर्यम्

પ્રશ્ન કર્યો કે આ કઈ મતની વ્યાખ્યા તો ત્યાં
જવાબ આપ્યો કે ગુરુકુલવાસ વગર વિશુદ્ધ
બ્રહ્મચર્યનું પાલન શક્ય નથી. નવ વાડનું પાલન
શક્ય નથી. મન-વચન-કાયાની પવિત્રતા શક્ય-
નથી.

**ગુરુકુલવાસએ બ્રહ્મચર્યનું અમોઘ કારણ છે!**

માટે કારણમાં કાર્યનો ઉપચાર કરીને, જે કારણ છે એ જ કાર્ય છે એવો વ્યપદેશ કરવા રૂપે. એવું સંબોધન કરવા રૂપે, ગુરુકુલવાસને જ બ્રહ્મચર્ય કહ્યું છે.

**સભાનો પ્રશ્ન :-** પૂ. બાપજી મ.ના ગુણાનુવાદમાં- તેમણે બીજા મહાત્મા પાસે જઈ સેવા કરી. આવું કેમ આવ્યું? એમણે કેમ એવું કર્યું?

**પૂજ્યશ્રીનો ઉત્તર :-** એટલે ગુરુ જ્યાં મોકલે, ગુરુની આજ્ઞા મુજબ વર્તવું, એનું નામ ગુરુકુલવાસ જ છે. એમને સિદ્ધિસૂરીજી મહારાજ ત્યાં પહોંચ્યા છે. પછી એમને ગુરુ તરીકે રાખીને શાસ્ત્રમાં બતાડ્યું કે ભણવાનું છે, અહિંયા જેટલું ભણવાનું હતું એ ભણાય ગયું, વજ્રસ્વામી જેવા પણ બીજે ભણવા ગયા છે. એનો અર્થ એ નથી કે ગુરુકુલવાસ છોડ્યો, ક્યાંક કોઈક ગ્લાન હોયને ગુરુ મોકલે એનો અર્થ એ નથી કે ગુરુકુલવાસ છોડ્યો. ગુરુની આજ્ઞામાં રહેવું, એ ગુરુકુલવાસનું તાત્પર્ય છે. સુરતની અંદર, શ્રાવકો પાઠશાળા શરૂ કરતા હતા, એ સમયની

પાઠશાળા, આજ ના સમયની SCHOOL. એમાં નામ આપવાની વાત આવી, સિધ્ધિસૂરીજી મહારાજ ની વિનંતી કરી, કે આપના નામથી નામ રાખવું છે. અને સિધ્ધિસૂરીજી મહારાજે સ્પષ્ટ ના પાડી, ને કહ્યું કે તમારે પૂજ્યશ્રી ના નામ નું જ કરવાનું, અને "રત્નસાગર" એવું નામ આપ્યું, આજે- પણ સુરતમાં ગોપીપુરામાં રત્નસાગર સ્કુલ છે. પોતાના ગુરુ નથી પણ ગુરુ તુલ્ય રાખ્યા, ગુરુની જેમ જ રાખ્યા, અને એમની પાસે રહે એ- ગુરુકુલવાસ જ છે.

જુદા-જુદા ગ્રુપના, સમુદાયના, ગચ્છ ના, મહાત્માઓ, ક્યારેક મારી પાસે- આવ્યા હોય, ગુણાનુરાગી હોય, અભિભુત હોય, એમને એવું લાગતું હોય, એવું જરુરતું છે નહિ, પણ લાગતું હોય કે જ્ઞાનની બહુ મોટી સિધ્ધિ- મને મળી ગઈ. GUIDANCE મારી પાસે માગે કે પંક્તિ કેવી રીતે ખોલવી, તમારી શૈલી કઈ છે- પ્રતની ને આની ને, તેની ને, ગ્રંથની, મને પ્રશ્ન પુછે ને મને મનમાં એમ થાય કે આ શું ધારતા હોય છે મહાત્માઓ આવું કાંઈ છે- -જ નહિ!


Vedanta READ | WRITE | GROW

મારી પાસે કોઈ મંત્ર હોય, TECHNIQUE હોય, શૈલી હોય, કોઈ એવું રહસ્ય હોય, જેનાથી મને શાસ્ત્ર એકદમ બેસી જાય, યાદ રહી જાય, પંક્તિ-એકદમ ખુલી જાય, એવી કોઈ વાત નથી.

મહાત્માઓ આગ્રહ કરે ત્યારે હું કહેતો હોઉં તો એટલું કહું મને એવું લાગે છે, કે કંઈ થોડું ઘણું પણ મને મળ્યું હોય, જરાક-કાંઈક મળ્યું હોય, એવી કોઈ મોટી સિદ્ધિ-નથી, આંશિક પણ જો હું સફળ થયો હોઉં તો એનું બીજું કોઈ જ કારણ નથી, ગુરુ મહારાજ જ્યારે જ્યારે, કંઈક કારણસર મને મુકીને-જતા હોય, પાછા આવવાનું હોય, RETURN-TICKET હોય, મારો સ્વાધ્યાય વધારે થાય, બરોડા જઈને આવવાનું હોય, રાજસ્થાન જઈને આવવાનું હોય, મહિનો - દોઢ મહિનો. બે - મહિના- ત્રણ મહિના, ગુરુ મહારાજ મુકીને જતા હોય, ગુરુ મહારાજની ઈચ્છા નહિં કરી હોય પણ, વળાવવા જતી વખતે ગળગળા થઈ જવાય. આંસુ આવી જાય, રડી પડાય, એ ગુરુ માટેની લાગણી એ જ મારી સફળતાનું - રહસ્ય છે!

કેટલા કલાકો ભેગી ગયા, શાસ્ત્રો કેટલા ઉથલાવ્યા, કેટલી ગાથાઓ ગોખી ગયા, કેટલા આગમો ભણાઈ ગયા, એનું મહત્વ ઓછું છે. ગુરુ-અંતરમાં કેટલા વસ્યા, કેટલા પરિણમ્યા, કેટલા ગુરુની પાછળ ગાંડા ઘેલા થયા, ગુરુના રાગે કેટલા રંગાયા, ગુરુની ઈચ્છા કેટલી શિરોધાર્ય-કરી, ગુરુની આજ્ઞા પુરી કરતા કેટલો આનંદ-પ્રગટયો, ગુરુ એ જ જીવન સર્વસ્વ બને, ગુરુ-એ જ બધુ બને.

## ગુરુ સાથે અભેદ સધાઈ જાય!

આવી કંઈક ભૂમિકા ઉભી થાય, ખરા અર્થમાં-સિધ્ધિ અને ખરા અર્થમાં સફળતા આ જ કૃપિ છે. આવશ્યક નિર્યુક્તિ આગમ છે જેમાં એક-CHAPTER છે, જેનું નામ છે, પારિષ્ઠાપનિકા-નિર્યુક્તિ, અને આ નિર્યુક્તિમાં પૂજ્ય હરીભદ્ર-સૂરી મહારાજ કહે છે.

गुरुमूले वि वसंता अणुकूला जे ण हुंति गुरूणं ।

ગુરુની પાસે પણ વસે, અને જે ગુરુને અનુકૂળ ન થાય.

ઉછસિં તુ પયાણં દૂરે દૂરેણ તે કૃતિ।

~~ગુર્વન્તેવાસિતા~~

તેઓ અમે જે આ પદો, પદાર્થો, એનું જે - નિરુપણ કર્યું, તે વાંચી જાય, ગોખી જાય, ગમે તેટલા માથા પછાડે, જે વ્યક્તિ આ પદોથી અને પદાર્થોથી ઘણી દૂર હશે. હરિભદ્રસૂરી મહારાજ કહે છે, સયમ જીવનની સફળતાનું - પહેલું અને છેલ્લું સોપાન છે,

ગુર્વન્તેવાસિતા

ગુરુની પાસે રહેવું, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

* * * * *

Vedanta
READ | WRITE | GROW

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના - ૪૩

ધર્મ બિંદુ ગ્રંથની અંદર પૂજ્ય હરીભદ્રસૂરી - શ્વરજુ મહારાજ, સંયમ ભુવન માં કઈ રીતે આગળ વધવું, એના સંદર્ભમાં વાત કરે છે.

તદ્ભક્તિ - બહુમાનૌ ।

પાંચમા અધ્યાયના ત્રીજ સુત્રમાં વાત કરી, ગુરુની પાસે રહેવું. માત્ર પાસે રહેવું એટલું જ કરવાનું છે, એવો પ્રશ્ન થાય એના જવાબમાં - ચોથુ સુત્ર કહે છે. ગુરુ પ્રત્યેની ભક્તિ, ગુરુનું બહુમાન, આ પણ બહુ જ જરૂરી છે. જિનશાસનના સંપૂર્ણ ઈતિહાસની અંદર, ક્યા ક્યા મહાપુરુષો થયા, એમના વર્ણનો વાંચીએ ચરિત્રો વાંચીએ, સ્થવીરાવલીઓ વાંચીએ, ક્યા ગ્રંથો વાંચીએ, જિન - શાસનના છેલ્લા સો વર્ષનો ઈતિહાસ વાંચીએ, જેમનો વિશિષ્ટ વિકાસ થયો, વિશિષ્ટ પુણ્યોદય - થયો, વિશિષ્ટ આદેયતા થઈ, વિશિષ્ટ સાધના થઈ, વિશિષ્ટ શાસનના કાર્યો જેમણે કર્યા, એ બધાની એક સમાનતા એવી છે, કે એ પ્રાયઃ કરીને

એ બધા વિશિષ્ટ ગુરુભક્તિ અને બહુમાન દર્શાવતા હતા.

બહુ ભણવુ એ આગળની વાત છે, બહુ કાંઇ કાઢવું એ

આગળની વાત છે, બહુ પ્રસિદ્ધ થવું, વ્યાખ્યાન-
સારુ આપવું, શાસનના કાર્યો કરવા એ આગળની
વાત છે, પહેલા નંબરની જરૂરિયાત એ હોય છે,

**કે એ આત્મા ચારિત્રમાં એકદમ સ્થિર હોય!**

હરીભદ્રસૂરી મહારાજ, પંચવસ્તુક ગ્રંથની વૃત્તિની
અંદર બહુ સ્પષ્ટ કહે છે,

गुरुभक्तिबहुमानत एव चारित्रे श्रद्धास्थैर्यं च भवति,
नान्यथा।

તમે એમ વિચારો કે આપણો બહુ વૈરાગ્ય ભાવ છે,
મોક્ષની બહુ ઇચ્છા છે, સાધનામાં બહુ અપ્રમત્તતા
છે, આપણે સાધનામાં બહુ સ્થિર છીએ ને-
એના કારણે આપણો મોક્ષ થઈ જશે, આપણે
સફળ થઈ જશું. હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

**કે તમે હજુ અંધારામાં છો!**

ચારિત્રની સ્થિરતાનો આધાર માત્ર સ્વાધ્યાય નથી.
માત્ર વૈરાગ્ય નથી, માત્ર તપસ્યા નથી, માત્ર
જપ નથી, માત્ર ઓળીઓ નથી.

ચારિત્રની સ્થિરતાનું સાચી અમોઘ સાધન કોઈ હોય, અમોઘ બીજ હોય, તો એનું નામ છે,

## ગુરુભક્તિ અને બહુમાન !

ચારિત્રમાં શ્રધ્ધા, ચારિત્ર પાળવાનો પોતાને આપતો વિચાર, પોતાને થતો અભિલાષ, જૈની શાસ્ત્રીય ભાષામાં શ્રધ્ધા કહેવાય,

સદ્ધા નિયાભિલાસો

શ્રધ્ધા એ પોતાનો અભિલાષ છે, પોતાને અંદરથી જ મનોરથ થાય કે મારે સંયમ પાળવુ છે. આવું ક્યાંથી આવે તો ગુરુભક્તિ અને બહુમાનથી આવે.

મહાત્મા ગમે તેટલું ભણતા હોય, ગમે તેટલા વૈરાગ્યના ગ્રંથો ભણે, અને સંયમમાં સ્થિરતા ન આવે, સંયમની શુધ્ધિ ન આવે, સંયમમાં સુક્ષ્મ કાળજી ન આવે, સંયમની એવી પરિણતિ ન પ્રગટે તો સમજી લેવાનું કે એમના ગુરુ પ્રત્યેના બહુમાન ભાવ અને ભક્તિમાં ખામી છે. વર્ષો થી વૈરાગ્યના પ્રવચનો સાંભળ્યા પછી પણ સંસાર છોડવાનું મન ન થતું હોય, તો સમજ-

લેવાનું કે અંતરમાં એઈએ એવો ગુરુ પ્રત્યેની ભક્તિ અને બહુમાનનો ભાવ આવ્યો નથી.

આજે પૂજ્ય ભાગ્યવિજયજી દાદા, એમની તિથિ છે, પ્રાયઃ બસો વર્ષ આજે થયા. પૂજ્ય જંબુવિજયજી મહારાજ એક વાર એ પણ પાલિતાણામાં અને પણ પાલિતાણામાં શાસન- લક્ષી એક MEETING હતી. જંબુવિજયજી - મહારાજ ઘણા વડિલ કહેવાય એટલે બીજા આચાર્ય ભગવંતો પણ જે પાલીતાણામાં હતા. પૂજ્યશ્રી એ એમને બોલાવ્યા હતા. MEETING કરવાની હતી. LIMITED મહાત્માઓની જાહેરાત વગરની મીટીંગ! પૂજ્ય રાજયશસૂરીજી મહારાજ હતા, પૂજ્ય જયસુંદર - સૂરીજી મહારાજ હતા. ગુરુદેવ જઈ રહ્યા હતા, મને કહ્યું તું ચાલ સાથે, તું MEETING માં બહાર- બાર બેસજે, સાંભળજે. એમણે ઈતિહાસો ખોલ્યા. શંખેશ્વરમાં એક દિવસ પૂજ્યશ્રી મળ્યા હતા, જંબુવિજયજી મહારાજ, ગુરુદેવ એમના SELECTED શિષ્યો ને લઈને પોતે એમને મળવા જતા, બેસતા. ગુરુદેવ અમને કહેતા કે એમની પાસે શ્રુત નો, અને બીજો પણ ઘણો બધો અનુભવ છે,

આપણે લેવાની છે. પૂજ્ય જંબુવિજયજી મહારાજે, સ્થાનાંગ, સમવાયાંગ, સૂત્રના સંપાદનો કર્યા ને એ સંપાદનના પ્રકાશનમાં આગળ, પૂજ્ય મણિ-વિજયજી મહારાજનું ચરિત્ર ઉમેર્યું. કેવા એ-અણગારી મહાત્મા, કેવો એમનો ગુરુ પ્રત્યેનો-ભાવ, કેવું એમનું બહુમાન, કેવી એમની સરળતા, પૂજ્ય બાપજી મહારાજના ગુણાનુવાદમાં આપણે સાંભળ્યું, કોઈ મહાત્મા બિમાર છે ને પોતાના-નુતન દીક્ષીત શિષ્યને મોકલી દીધા.

तद्भक्तिबहुमानौ ।

વર્તમાન કાળની વાત કરું, પૂજ્ય ગુણરત્નસૂરીશ્વરજી-મહારાજના શિષ્ય, નામ, પૂજ્ય મણિરત્ન વિજયજી. નાની ઉંમરમાં દેવલોક થયા, પણ એવું સંયમ-જીવન જીવી ગયા, આજે એમ થાય કે ખરેખર, આ કાળમાં એમના જેવા, વિદ્વાન, એમના-જેવા ગુરુભક્ત, એમના જેવા વૈરાગી, બીજા કોઈ મહાત્મા હશે કે નહિ ? વિહાર કરીને પહોંચ્યા છે. નાનકડી જગ્યા છે, એવા કોઈ મોટા હોલ-નથી, બે-ત્રણ રૂમમાં મહાત્માઓએ રોકાવાનું છે. ગુરુ મહારાજની રૂમમાં મહાત્માએ પ્રવેશ-કર્યો છે, રૂમમાં સમાય એટલા મહાત્માઓ-

Vedanta
READ | WRITE | GROW

ગુરુ મહારાજ સાથે આવી ગયા છે. મહાત્મા - વિચાર કરે છે કે બીજુ કોઈ રૂમમાં જઈએ તો ગુરુનો એક રાત વિયોગ વેઠું થાય. ભલે સાથે પણ રૂમ જુદી. બીજા મહાત્માની ખબર કે એમને ગુરુ મહારાજ થી જરા પણ આઘા-પાછા થવું - ગમે નહિં. બધા ગોઠવાઈ ગયા હતા, બાજુમાં જ ઉતરવાનું છે. આટલો જ સવાલ છે. બીજા - મહાત્માએ ચમક કરી કે અહીંયા ઉતરશો પણ અહીંયા સુવાની જગ્યા નહિં મળે. અહીંયા - બેઠા-બેઠા રાત કાઢવી પડશે. જગ્યા નથી ! મહાત્માએ કહ્યું કે તો પણ વાંધો નથી. ઉપધી ત્યાં ઉતારી છે, પ્રતિક્રમણ કર્યું છે. સ્વાધ્યાય - કરવા બેઠા છે, થાકયા-પાક્યા મહાત્માઓ, ધીમે ધીમે સંથારો કરી રહ્યા છે. પેલા મહાત્મા - બેઠા છે... બેઠા છે... બધાને એમકે - સ્વાધ્યાય કરીને, બાજુના રૂમમાં સંથારો કરવા - જતા રહેશે. સવારે ચાર વાગે મહાત્માઓ - ઉઠ્યા છે ને, જુએ છે કે રાતે જે મુદ્રામાં - બેઠા હતા, એ જ મુદ્રામાં એ મહાત્મા બેઠા છે.

तद्भक्तिबहुमानौ ।

મારા ગુરુ આ સંવેદના, ગુરુ વગર રહેવાય નહિં,

ગુરુનો વિરહ જરાય નહિ,

ગુરુ એ જ સર્વસ્વ લાગે!

ગુરુ એ જ દુનિયા લાગે!

ગુરુ એ જ પોતાની માત લાગે!

ગુરુ ને ગુમાવવા એટલે માત ગુમાવવા જેવું લાગે! વિહ્વળ થઈ જવાય રડી પડાય, અસહ્ય બની-જાય, એનું નામ

ચારિત્ર પરિણતિની ભૂમિકા!

ગુરુ માત્ર એક વ્યક્તિ લાગે, ગુરુ માત્ર એક-સાધુ લાગે, ગુરુ બસ આપણું દિક્ષ બંધન થયું, એમને ગુરુ કરવામાં આવ્યા, આપણે એમને-ગુરુ માન્યા, આટલું માત્ર છે, બાકી વધારે-એવી કોઈ FEELINGS નથી, લાગણી નથી, ત્યાં.

સંયમ પરિણતિની શક્યતા પણ નથી!

અષાઢાભુતિ જેવાએ પોતે સંયમ છોડ્યું છે,
ગુરુ ની ઓઘો પાછો આપવા માટે પહોંચ્યા છે,
ગુરુ એ ઘણા મનાવ્યા છે, કર્મના એવા ઉદય-
છે પોતે દીક્ષામાં સ્થિર થઈ શકતા નથી!
ગુરુ કહે છે સમ્યકત્વ નિર્મળ રાખજે. એક-
બાજુ ગુરુ ની આંખમાં આંસુ છે, બીજુ બાજુ
ધ્રુસકે ને ધ્રુસકે અષાઢાભુતિ એમના ખોળામાં
માથુ નાખી ને રોયા છે.

## ગુરુ બહુમાન એક પ્રકારનું દોરડુ છે!

જે સંસારના કુવામાં પડેલો ને પણ ફરી બહાર-
નીકળવાની તક આપે છે. જે સંસારમાં એ-
પડ્યા ને જેને ગુરુ પ્રત્યે ભક્તિ અને બહુમાન
પણ નથી, એમની બહાર નીકળવાની શક્યતા પણ
નથી. અષાઢાભુતિજી, પાછલા પગલે ગુરુ ને-
પીઠ ન પડે એ રીતે પાછા ખસી રહ્યા છે,
ખસી રહ્યા છે, ખસી રહ્યા છે, ગુરુ અહિંયા-
બેઠા છે તેઓ દરવાજા પાસે પહોંચી ગયા છે,
ફરી ક્યારે મને આ ગુરુનું દર્શન મળશે, કેવા-
ઉપકારી ગુરુદેવ, કેવી એમની લાગણી, કેવા-

Vedanta
READ | WRITE | GROW

એમના પાવન, કેવું એમણે ભણાવેલું શ્રુત,
કેવી એમની હિતશિક્ષા, આવા વત્સલ, આવા-
કરુણાના સાગર, આવા કૃપાળુ ગુરુ, ફરી ગુરુના
દર્શન મને ક્યારે મળશે, આ વિચારે ત્યાં-
ફરી હિબકા ભરી ભરીને જઘાઢાબ્ધિવિજય રડી રહ્યા-
છે. ખરું પતન એ નથી કે જ્યાં ધ્રુવ દીક્ષા-
છોડે છે. ખરું પતન એ છે જ્યાં,

## ધ્રુવ ગુરુનું બહુમાન છોડે છે!

દીક્ષા છોડવા જેવી એ નથી, વિચાર કરવા જેવો
પણ નથી, દીક્ષા છુટે એ ભયાનક વસ્તુ છે,
એક અપેક્ષાએ પતન જ છે. કુવામાં માણસ
પડી ગયો છે, પતન જ છે. પણ સાથે દોરડું
રાખ્યું તો અપેક્ષાએ પતન નથી. કારણકે ઉત્થાન-
ની સંભાવના છે. એનું ઉત્થાન થઈ શકે એવી
શક્યતા છે. જઘાઢાબ્ધિવિજય, પાછા જાય છે.
પરણે છે, સંસારની અંદર આસક્ત થાય છે.
વિષયો સેવે છે, નટડીઓમાં મોહાય છે. પણ-

## એક ગુરુ પ્રત્યેનું બહુમાન હૈયામાં અકબંધ છે!

Vedanta
READ | WRITE | GROW

એમના સંયમ જીવનની ઉપાધિ, એમના કપડા, એમના પાત્રા, જે માણિયે પહેરેલું રાખ્યું, રજિ જે પહેરેલું ઉતારે, ગુરુની યાદ કરે, અને ગુરુએ જે આપ્યું હતું, એને જોઈને ધ્રુસકે ને ધ્રુસકે રડે. હૈયું એમના હાથમાં હતું. અને આ જ ગુરુ બહુમાનનું હૈયું, આ કૃતજ્ઞતા, આ લાગણી, આ FEELINGS,

• હું અધમ, •

• હું પાપી, •

• હું નીચ, •

• હું નાલાયક •

આવું ચારિત્રરત્ન આવી સંસારની ગટરની અંદર નાખી દેવા તૈયાર થયો, આવા ગુરુ, એમની - કરુણા, એમનું વાત્સલ્ય, ખરેખર ભુલાવ્યું હું. અષાઢાભૂતિ રજિ ધ્રુસકે ને ધ્રુસકે રડે. આ જ ગુરુભક્તિ, આ જ ગુરુ બહુમાન, અંતરથકીનું

Vedanta
READ | WRITE | GROW

નાટક ભજવતા.. ભજવતા, એ જ આષાઢાભુતિ-
ની કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય, એવી ભુમિકા -
આપી દે. એ નાટક ભજવતાં એ પાછા જતા
હોય, રાજા રોકે, નગરજનો રોકે, તમારી
બહુરુપિયાની વિદ્યા, તમારા નાટક જોતા ઘણો -
આનંદ થાય, આ તો વેશ હતો, આ તો
રીત ભજવવાનો હતો, છોડી દેવે. અને અષાઢા-
ભુતિ હસી ને કહે કે ભરતચક્રીએ પછી એ
વેષ છોડ્યો ન હતો.

गुरुभक्तिबहुमानत एव चारित्रे श्रद्धा स्थैर्य च
भवति ।

ભવસાગર આપણા જાવડા ના જોરે આપણે તરી
શકવાના નથી. ક્યાં, કઈ જાણે શું થાય, કેવા-
કર્મોના ઉદયથી થાય, કેવા ભાવમાં આયુષ્ય-
બંધાઈ જાય, ક્યો ભવ ઠોકાઈ જાય, ફરી
અસંખ્ય અનંતકાળનું ભવભ્રમણ આપણા માથે
ઠોકાઈ જાય, કશું જ નક્કી નથી. સાવ અગતરા
જેવા આપણે છીએ, રસ્તા ઉપરથી કીડી જતી
હોય, ગાડી તેટલી FAST જતી હોય, આમ થય-
આમ જાય, કીડીની હેસિયત શું છે ? આ રીતે
આપણી નરક પ્રાયોગ્ય, મૃત્યુ પછી સીધી નરક-

મળે, એટલે કદાચ આયુષ્ય ન બાંધ્યું હોય, પણ નરક પ્રાયોગ્ય બીજી કર્મની પ્રકૃતિઓ, આપણા-આત્મા ઉપર વિદ્યમાન છે. એક આર્તધ્યાનમાં-આયુષ્યની બંધ થઈ જાય, બિલાડી બની જઈએ, કબુતરા અને ઉંદરો ને ફાડી-ફાડીને ખાઈએ, રૌદ્ર ધ્યાનમાં મરીને સીધી, બીજી નરક આપણને ઢંઢાઈ જાય, બધી જ શક્યતા છે. બચાવનાર-કોય તો

• **ગોત્ર ને માત્ર ગુરુભક્તિ અને બહુમાન!**

સદ્ગુરુ પ્રત્યેની ભક્તિ, સદ્ગુરુ પ્રત્યેનું બહુમાન, જીવન એમના રંગે રંગાવુ, સદ્ગુરુમય બની જવું.

**એમની ઇચ્છા ને પોતાની ઇચ્છા બનાવવી!**

**જે એમની પસંદ એ આપણી પસંદ!**

**એમની ઇચ્છાનું અનુસરણ!**

**જે જ આપણી ઇચ્છા એ જ આપણું જીવન!**

13.10.2021

જેમ જ મોક્ષનો ઉપાય છે. સુત્ર કૃતાંગ આગમ-
ની અંદર, પૂજ્ય સુધર્મા સ્વામી ભગવાન, મોક્ષના
JET PLANE જેવી વાત કરી છે. મોક્ષ માટેનો
અમોઘ ઉપાય.

ગુરુણો છંદાણુવત્તયા વિરયા તિણ્ણા મહોઘમાહિતં
જે ગુરુની ઈચ્છાને અનુસરે છે, એ ભવ સાગરને
તરી જાય છે, બીજું ઘણું બધું કરે, હૈયામાં ગુરુ
વસ્યા નથી, ગુરુ પ્રત્યે ભક્તિ કે બહુમાન નથી,
એ શ્રાવક હોય કે સાધુ હોય, એનું ભવસાગરમાં
ડુબી જવાનું નિશ્ચિત છે, એના માટેનો પ્રયાસ
કરીએ. આજે સમય થયો છે, આજે આટલું-
રાખીએ.

x x x x x x

Vedanta
READ | WRITE | GROW

14.10.2021

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના - ૪૪

ધર્મ બિંદુ ગ્રંથની અંદર, પૂજ્ય હરીભદ્રસુરીશ્વરજી મહારાજ, પાંચમાં અધ્યાયના ચોથા સુત્રમાં કહે છે.

गुरुभक्तिबहुमानौ ।

સયમ જીવનની સફળતા નો એક માત્ર આધાર, ગુરુ પ્રત્યેની ભક્તિ, અને ગુરુ પ્રત્યે નું બહુમાન. ભક્તિ નો અર્થ છે, બાહ્ય પ્રતિપત્તિ, બહુમાનનો અર્થ છે આંતરિક પ્રતિબંધ, આપણી ભાષામાં હૃદયનો પ્રેમ.

ભક્તિ બાહ્ય પ્રતિપત્તિરુ,

હૃદય પ્રેમ બહુમાન,

ગુણ જુતી અવગુણ ઢાંકવાજુ,

આશા તનની હાર.

પાંચ પ્રકારનો વિનય હોય છે. વિનયનો પહેલો પ્રકાર છે ભક્તિ! એટલે કે બાહ્ય પ્રતિપત્તિ, એટલે કે સેવા. શિષ્ય કહે કે મને ગુરુ પ્રત્યે ભાવ બહુ, બહુમાન બહુ, પણ બીજુ બધી અનુકૂળતા નથી તો એ બહુમાન-સાચુ નથી. કેટલાક એવા શ્રાવક હોય, કદાચ-

કોઈ પ્રયોજન નથી, કોઈ કામ નથી, પણ એક લાગણીનું તત્વ હોય, વારંવાર ઉપાશ્રય દોડી - આવે. કંઈ પણ કામ હોય તો કહેજો સાહેબ, કંઈ પણ કામ હોય, જપ હોય, લાભ હોય ! તો બહુમાન છે તો ભક્તિ આવી જશે.

શિષ્ય છે, આગ લાગે છે, ગુરુએ કહ્યું છે કે ચોપડીમાંથી માથુ ઉંચુ ના કરવું પણ દોડી આવે ગુરુ પાસે, ગુરુજી કંઈ કામ છે. કંઈ જરૂર છે. કંઈ જપ છે. શિષ્યની દ્રષ્ટિ - ગમે ત્યાં હોય, સતત ગુરુ દેખાયા કરે. - પડઘાયા કરે. અંદર એમનું પ્રતિબિંબ પડ્યા - કરે. સ્વાધ્યાયમાં શિષ્ય ડુબે ખરા, સ્વાધ્યાય કરે ખરા, યોગોની અંદર હોય ખરા, ચર્યાની - અંદર હોય ખરા, અવારનવાર એમની એમ - પથા કરે, કે ગુરુ મહારાજને કાંઈ કામ હોય તો એ હું કરી દઉં. આનું નામ ભક્તિ !

શાસ્ત્રની અંદર ભક્તિની વિધિ - બતાડી. અહીંયા હરીભદ્રસૂરી મહારાજ EXAMPLE આપે છે.

पादप्रक्षालनादिरूपो ।

ગુરુ બહારથી આવે, એટલે શિષ્ય દોડી આવે,
પાત્ર મુકે, ગુરુને બેસાડે, અને ગુરુના પગ-
ધોઈ આપે. આ એક વિનય! BASIC વિનય!
પહેલા ઘર ઘરની અંદર આ વિનય હતો,
ચંદનબાળાની કથામાં, ચંદના છે, પોતે આ-
રીતે પગ ધોતી હોય છે ને એ વખતે મુળા-
શેઠાણી ને ગભરાટ, ઈર્ષ્યા થઈ જાય છે. કે-
ઘરની સ્વામીની આ બની જશે તો?

વજ્ર સ્વામીની કથા છે. બધા-
બહાર ગયા છે, પોતે નાના છે,
અગિયાર અંગ આવડે છે, કોઈને કાંઈ કીધું-
નથી. બધા બહાર ગયા એટલે બધાની ઉપધિ-
રાખીને વાચના પોતે આપી રહ્યા છે. ગુરુ-
બહારથી સાંભળે છે, જાગે છે, ગભરાય ન જાય-
એટલે ખોંખારો ખાય છે. ઉપધિ ફટાફટ-
વજ્ર મુનિ મુકી દે છે, દોડે છે, ગુરુના હાથમાંથી
તરપણી અને દાંડો લઈ લે છે. ગુરુને બેસાડે છે,
કપડાં મુકીને ગુરુના પગ ધોવે છે. સાચો
શિષ્ય એ છે. ગુરુનું ઘણું બધું કરે, અને

Vedanta

છતા એમ લાગે કે ગુરુનું કશું કર્યું નથી.
જ્યારે એવું લાગે, કે મેં ઘણું કર્યું છે, ત્યારે સમજવું કે, આપણે સાચા શિષ્ય નથી. કર્તૃત્વ નો ભાવ, કર્તૃત્વ ની બુધ્ધિ નો સીધો અર્થ એ છે, કે ગુરુની સેવા કરીને પહોંચ લેવી, ને પહોંચને આખી જિંદગી કપાળે ચોંટાડીને ખુલવું. મેં કર્યું, મેં સંઘ માટે કર્યું, મેં દહેરાસર માટે કર્યું મેં ફલાણા સાધર્મિક માટે કર્યું. મેં ગુરુ માટે કર્યું.

## આપણે ગુરુ માટે કરનાર કોણ છે

આપણી હૈસીયત શું છે ગુરુનો ઉપકાર શું! ગુરુની કરુણા શું છે ગુરુનું વાત્સલ્ય શું! આપણે કરી કરીને કર્યું પણ શું છે કુમારપાળ જેવા રાજા, ગુરુના વચનથી જે અઢાર દેશોમાં, અમારી નું પ્રવર્તન કર્યું, ચૌદ કરોડ સોનામહોરે, સાધર્મિક ભક્તિમાં વાપરી કેટકેટલા તીર્થો ના જીર્ણોધ્ધાર, સર્જનો, જિનાલયો ના સર્જનો, પ્રતિમાઓ ભરાવી, જિનશાસનની જય જય કાર કર્યો, ગુરુને સદાય અંતરમાં સ્થાપ્યા.

ડોલતાને ચાલતા કુમારપાળ રાજાની સંવેદના -
મનમાં વહેવા લાગતી,

श्रीहेमसूरीश्वरपादपद्मं वन्दे भवाब्धौ नरलोकपोतम् ।

મારા ગુરુદેવના ચરણો જેઓ સંસારને પાર-
ઉતરવા માટે નું એક જહાજ. એક આગબોટ,
એક નાવડું, એવા મારા ગુરુ ના ચરણ,

कलाटपट्टाङ्करकान्तराज्या - क्षरावली येन मम व्यलोपि ॥

જેણે મારા કપાળ પરથી રાજેશ્વરી, નરકેશ્વરી,
રાજ્યની અંત નરક છે, આ અક્ષરો લખેલા હતા.
હું માંસ ખાનારો, જુનખરાબા કરનારો, એક-
મસલાને મારવા માટે, ઘાસની આખી ગંજ -
સળગાવી દેનારો, રૌદ્ર પરિણામી એવો હું,
એમાં પાછું રાજ્ય મળ્યું, કેવા કામો હું કરત,
કેવી ગતી માં હું ભમત, પણ એ રાજેશ્વરી -
નરકેશ્વરી ના અક્ષરો, જેમણે મારા કપાળ પરથી
ભુંસી નાખ્યા, એ મારા ગુરુદેવને હું પ્રણામ-
કરું છું! એ કુમારપાળ મહારાજા, ગુરુદેવ ના
કાળધર્મ પછી ધ્રુસકે ને ધ્રુસકે રડતા રહે ને
દિવસો સુધી રુદન શમે નહિ, મંત્રીઓ કહે કે -
રાજન્, હવે ખમૈયા કરો, હવે આટલો બધો શોક
આટલું બધું રુદન ના હોય.

ગુરુદેવના આદર્શો આપણી સાથે જ છે. - નશ્વર દેહ હતો, જવાનો જ હતો. કુમારપાળ મહારાજ કહે, ગુરુદેવ જવાના હતા, ગુરુદેવ ગયા પણ, રાજપિંડ થવાથી તમારી ગોચરી ખપે નહિ, આવુ ગુરુદેવે કહ્યું મેં માની લીધું, આખી જિંદગી - ગુરુદેવના પાત્રમાં મારી એક રોટલી ના ગઈ, મને એમ કેમ ના સુઝ્યું કે લાત મારી દઉં આ - રાજ્ય ને, અને સુપાત્રદાન નો લાભ લઈ લઉં, આવા ગુરુદેવ મળ્યા, એક રોટલી હું એમને વહોરાવી - શક્યો નહિ, માટે હું રડું છું.

જે તમને ઓછી લાગે છે એનું નામ - ભક્તિ ! જ્યાં તમને કશું ના કર્યું હોય એવું - લાગે એનું નામ ભક્તિ ! જે કરીને તમને લાગે કે સદ્ગુરુ એ મારા ઉપર ઉપકાર કર્યો, એનું - નામ ભક્તિ ! જે કરીને તમને લાગે કે મેં ગુરુના દરિયા જેટલા દેવામાંથી એક ટીપા જેટલું પણ વળતર, હું આપી શક્યો નથી, આનું નામ ભક્તિ ! જે કરીને એમ લાગે, કે આથી વધારે મારી ધન્યતા, કૃતાર્થતા, સદ્ભાગી પણું, મારું સૌભાગ્ય, આથી વધુ કાંઈ હોય જ ના શકે, - - આનું નામ ભક્તિ !



Vedanta

હજાર વર્ષનો તપ કરીને, કંડરીક મુનિ પતન-
પામીને સાતમી નરકે ગયા છે. અનેતા આપણા
ભવોમાં, ઘોર તપ કરીને આજીવન આયંબિલ-
કરીને, આજીવન વરસીતપ કરીને, આજીવન
સિદ્ધિતપ કરીને, આજીવન અઠ્ઠમ ના પારણે
અઠ્ઠમ કરીને, આજીવન માસક્ષમણના પારણે
માસક્ષમણ કરીને, આપણા સંસારનો અંત
આવ્યો નથી. કારણકે બધું કર્યું. સદ્‌ગુરુ-
પ્રત્યેની ભક્તિ અને બહુમાનની આપણને આ-
સંવેદના જાગી નહિ.

કેવું આપણને જ્ઞાન માટે એમ-
થઈ જાય છે, કે બહુ ઉંચુ ઉંચુ તત્ત્વ સાંભળી
લઈએ. કેવું ભણવા માટે થઈ જાય, કે આટલું-
તત્ત્વજ્ઞાન ભણી લઈએ, આટલા શાસ્ત્રો, આટલા
આગમો, કેવું તપસ્યાના મનસુબા હોય છે,
આપણે આગળની તપસ્યાઓનું LIST બનાવ્યું-
હોય છે. આના પછી આ તપ કરવો છે,-
આવતા ચોમાસામાં આ તપ કરવો છે, એની
પછી આ તપ કરવો છે. આટલા આટલા તપ
બાકી છે, સંઘમાં જે કરાવે, આપણે આ કરી લેશું.

ઈચ્છુ એવા કેટકેટલા મનસુબા આપણી પાસે છે.
ઇચ્છુ એવા મનસુબા છે, આ ધર્મની આરાધના-
કરી લેવી છે, આટલા દાન આપવા છે, આટલા
સદ્વ્યય કરવા છે, હું કહું સારું છે, ધન્યવાદ-
છે. પણ આ બધુ જેનાથી સફળ થશે, એ-
સદ્ગુરુ પ્રત્યેની ભક્તિ, એમના પ્રત્યે નું બહુમાન,
જે મારામાં પ્રગટ થાય, મારી રગરગ ની અંદર-
સદ્ગુરુની ભક્તિ વહેતી હોય, આવો મનોરથ-
સુધ્ધા, લક્ષ્ય સુધ્ધા, આપણને ક્યાં છે ?

બહુ સરસ મઝાનો એક પદાર્થ
યોગદ્રષ્ટિ સમુચ્ચય ગ્રંથની અંદર, હરીભદ્રસૂરી-
મહારાજ કહે છે,

सर्वथा तत्परिच्छेदात्साक्षात्कारित्वयोगतः।

એક ઈચ્છા યોગ છે, બીજો શાસ્ત્ર યોગ છે,
અને ત્રીજો સામર્થ્ય યોગ છે. ત્રણ યોગની-
હરીભદ્રસૂરી મહારાજ વાત કરે છે, એમાં ઈચ્છા-
છે કે ભાઈ સારુ કરવું છે, આપણે સારી વિધિ
કરીએ, સારુ ચૈત્યવંદન કરીએ, સારી પૂજા,
સારી દીક્ષા, સારા તપ.. ભાવ છે, પણ પ્રમાદ-
થી થોડુ આડુ તેડુ થઈ જાય છે, અતિચાર લાગી-
-જાય છે, આ ઈચ્છા યોગ!

જ્યાં અપ્રમાદ ભાવ છે, યથાશક્તિ ક્રિયા છે,
અભિશુધ્ધ અનુષ્ઠાન છે, શાસ્ત્ર અનુસારી ક્રિયા છે,
એનું નામ છે, શાસ્ત્રયોગ. અને શાસ્ત્રયોગથી
પણ આગળ,

शास्त्रसन्दर्शितोपायस्तदतिक्रान्तगोचरः।

શાસ્ત્રએ કહેલા રસ્તે આગળ વધતા જ્યાં શાસ્ત્રની-
મર્યાદા પુરી થઈ જાય છે,

शक्त्युद्रेकाद्विशेषेण सामर्थ्याख्योऽयमुत्तमः॥

એક વિશિષ્ટ શક્તિમય, વિશિષ્ટ શક્તિ ના -
પરિપાક મય, યોગ્યતા ના પરિપાક મય, વિશિષ્ટ-
અનુભૂતિમય, વિશિષ્ટ યાત્રામય, જ્યાં શાસ્ત્રના-
સિમાડા થી આગળની ધરતી છે, એનું નામ -
સામર્થ્ય યોગ!

હરીભદ્રસૂરી મહારાજ ને ગર્ભિત -
પ્રશ્ન કર્યો કે, ભાઈ શું શાસ્ત્રયોગ પુરતો નથી?
અમે શાસ્ત્ર મુજબ કરીએ, અમે શાસ્ત્રએ કહ્યું-
એ જ કરીએ, અક્ષરશ કરીએ, એમાં બિલકુલ -
આઘુ પાછુ ન કરીએ, તો એમાં બધુ આવી ગયું
એવું શા માટે નહિ? હરીભદ્રસૂરી મહારાજ -
જવાબ આપે છે, કે બધું શાસ્ત્રથી જ બધુ આવી જતું-



Vedanta
READ | WRITE | GROW

હોત, શાસ્ત્રથી જ બધુ જણાઈ જતું હોત ! તો શાસ્ત્રથી જ કેવળજ્ઞાન પણ મળી જતું હોત ! બસ કેવળજ્ઞાન માટે શું કરવાનું, આટલું તમે ભણો, આટલા ગ્રંથો પુરા કરો એટલે કેવળજ્ઞાન, આવું નથી !

तत्सर्वज्ञत्वसंसिद्धेस्तदा सिद्धिपदाप्तितः ।।

આટલું ભણો એટલે કેવળજ્ઞાન થઈ જાય, ને - આટલા પાના વાંચીને જે પુરા કરો એટલે મોક્ષ- થઈ જાય, બધુ જ શાસ્ત્રમાં આવી જતું હોત - તો આવું હોત પણ આવું નથી. શ્રુત એ એક ઉપલક્ષણ છે. એના ઉપલક્ષણથી તપ સમજવાનો છે, દાન સમજવાનું છે, બીજુ આરાધનાઓ સમજવાની છે. બની શકે કે ચૌદ પુર્વ ન હોય, બની શકે કે એક પુર્વ ન હોય, બની શકે કે- પિસ્તાલીસ આગમ ન હોય, બની શકે કે એક આગમ ન હોય, બની શકે કે બે પ્રતિક્રમણના- સુત્રો ના હોય, ચૈત્યવંદન, સામાયિક ના સુત્રો- ના આવડે. બની શકે માત્ર નવકાર આવડે, બની શકે માત્ર પહેલું પદ આવડે, બની શકે માત્ર પહેલા બે અક્ષર નમો આવડે, બીજું કશું - ન આવડે. ગુરુભક્તિ અને બહુમાન છે તો -

14.10.2021

અંતર્મુહુર્ત માં કેવળજ્ઞાન થઈ શકે છે. ચૌદપૂર્વ કડકડાટ છે. ગુરુ ભક્તિ અને બહુમાન નથી, એ જીવ પતન પામે છે. આજની તારીખમાં - નિગોદની અંદર અનંતા જીવો એવા છે કે પૂર્વ- કાળમાં ચૌદપૂર્વ ધર હતા. હરીભદ્રસૂરી મહારાજ કહે છે.

तद्भक्तिबहुमानौ ।

સંયમ જીવનની સફળતાનું પ્રથમ સોપાન કંઈ હોય
સાધના જીવનની સફળતાનું પ્રથમ સોપાન હોય,
શ્રાવક જીવનની સફળતાનું પ્રથમ સોપાન હોય,
તો એ સદ્ગુરુ પ્રત્યેની ભક્તિ, અને એમના - પ્રત્યેનું બહુમાન છે. આના માટે પ્રયાસ કરીએ.
આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

x x x x x

Vedanta
READ | WRITE | GROW

15.10.2021

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના - ૪૫

ધર્મ બિંદુ ગ્રંથની અંદર પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ, પાંચમા અધ્યાયના ચોથા સુત્રમાં કહે છે,

તદ્ભક્તિબહુમાનૌ ।

ગુરુ પ્રત્યેની ભક્તિ અને ગુરુ પ્રત્યેનું બહુમાન, એ ગુરુ દ્વારા મળી રહેલ શ્રુત અને સંયમનું મુલ્યાંકન છે. તેમને તકલીફમાં કોઈએ રોપયા આપ્યા. તેઓ માંદા પડ્યા ને કોઈએ સેવા કરી! એના પ્રત્યે કૃતજ્ઞતા જાગતી હોય, વ્યાખ્યાનો સાંભળીએ, વાચનાઓ લઈએ, પાઠશાળામાં ભણીએ, દીક્ષા લઈએ, શિષ્યત્વ કોઈનું સ્વીકારીએ. અને એમના પ્રત્યે, એવા આપણે ગળગળા થઈ જઈએ, પાણી-પાણી થઈ જઈએ, ઓગળી જઈએ એમના શિષ્યત્વમાં, આવી FEELINGS આપણને ના હોય, એનો અર્થ આપણને,

## સંયમ અને શ્રુતનું મુલ્યાંકન નથી!

શ્રુત મને ચણા-મમરાનું PACKET છે, સંયમ મને માત્ર એક ઘરના છે, આપણે લઈ લીધું. ગુરુ પ્રત્યેનો અહોભાવ નથી, તો આપણને મળેલું શ્રુત અને સંયમ સાચું નથી.

Vedanta READ | WRITE | GROW

શાસ્ત્રકાર ભગવંતો કહે છે.

एकाक्षरप्रदातारं यो गुरुं नाभिमन्यते ।

જેણે માત્ર ને માત્ર એક જ અક્ષરનું જ્ઞાન તમને આખી જિંદગીમાં આપેલું છે. તમે થોકબંધના - વ્યાખ્યાનો નથી સાંભળ્યા, તમે આખી જિંદગી - પાઠશાળા ગયા એવું નથી. તમે એક વ્યાખ્યાન - સાંભળ્યું એવું પણ નથી, તમે એક વાક્ય સાંભળ્યું એવું પણ નથી, તમે જિનવાણીનો એક જ - અક્ષર જેમના દ્વારા સાંભળ્યો, એને ય તમે ગુરુ - માનતા નથી,

तस्य श्रुतं शीलं चैव गलन्त्यामघटाम्बुवत् ॥

એનું શ્રુત અને એનું શીલ, એનું સંયમ, એનું ચારિત્ર, બરાબર એ જ રીતે ગળી જાય છે, જે રીતે કાચા ઘડાનું પાણી ગળી જાય છે.

**ગુરુ બહુમાન એ મળેલા સંયમ જીવનની સુરક્ષા છે !**

**ગુરુ ભક્તિ એ મળેલા જ્ઞાનનું ટકાવ પણું છે !**

કદાચ ક્ષયોપશમ નથી, ગુરુ ભક્તિ છે-
ગુરુ બહુમાન છે, પણ યાદશક્તિ એવી નથી, બધા

વ્યાખ્યાનો ભુલી ગયા, બધી ગાથાઓ ભુલી ગયા,
બધા ગ્રંથો ભુલી ગયા, વાચનાઓ ભુલી ગયા,
બની શકે. શાસ્ત્રકાર ભગવંતો કહે છે, જો વિનય-
પુર્વક, ભક્તિ બહુમાન પુર્વક, જ્ઞાન લે. કદાચ એ
માણસ લીધેલું જ્ઞાન ભુલી પણ જાય, તો પણ
બીજા ભવમાં એ જ્ઞાન એને પોતે મેળે યાદ આવે,
અને એ વિનયથી લીધેલું પુર્વભવનું જ્ઞાન, આ-
ભવમાં એના કેવળજ્ઞાન નું કારણ બને.
नमुवट्ठाइ परभवे केवलणाणं च आवहइ।
સાધના નું પરમ તત્વ હોય તો એ છે ગુરુ ભક્તિ-
બહુમાન. આપણી બહુ મોટી હાસ્યાસ્પદ થીયરી એ છે,
કે આપણે એને ગૌણ કરી ને બીજુ બધી જ સાધના
કરી લેવી છે. હરીભદ્રસુરી મહારાજ કહે છે, સુરજ-
પશ્ચિમમાં ઉગે એ હજુ શક્ય છે, તમારા અંતરમાં
ઉછળતુ ગુરુ બહુમાન નથી, ગુરુ ભક્તિ નથી, એમે
મઝક બનાવી, મશ્કરી બનાવી, જ્ઞાન લઈ લીધું,
સંયમ લઈ લીધું, ગુરુ એમનું માગે આપણે આપણું
માનીએ, આપણને કોઈ લેવા દેવા નહિ, આપણે-
આપણી રીતે વર્તીએ, ન ગુરુને પુછવું છે
ન ગુરુની પરવાહ છે, ન ગુરુનું નામ લેતા લોચા-
આંખો ભીંજાય છે, ન રોમાંચ ખડા થાય છે, ના-

Vedanta
READ | WRITE | GROW

એમના ઉપકારો યાદ આવે છે, ન દિવસમાં વારંવાર એમના ઉપકારો ને યાદ કરી કરીને, આપણે ગળગળા થઈએ છીએ, તો સમજવું કે.

## આપણી સાધના એ માત્ર યાંત્રિક ક્રિયા!

મિથ્યા સંતોષ, મનમાની, એક પ્રકારની સ્વચ્છંદતા, અને એક પ્રકારની આત્મ વંચના બની જશે. દિવસના પંદર કલાક સ્વાધ્યાય અને અપ્રમત્ત ક્રિયામાં વિતાવતા મહાત્મા પણ એ આ FEELINGS - ધરાવતા નથી.

## તો એમનું સમગ્ર સંયમ જીવન નિષ્ફળ છે!

ગમે તેટલું કરો, ઉપરથી નીચે પડો, આખો મેરુ - માથે ઉપાડી લો, ગુરુ ભક્તિ બહુમાન નથી, તો મોક્ષ નથી. હરીભદ્રસૂરી મહારાજ આગળ વધે છે, સૂત્ર નંબર પાંચ.

સદાજ્ઞાકરણમ્ ।

ગુરુની બાહ્ય સેવા, આ ભક્તિ છે. ગુરુ પ્રત્યેનો - અંતરનો પ્રેમ આ બહુમાન છે. આટલું પણ પુરતું - - નથી.

ત્રીજ નંબરની વસ્તુ પાંચમાં સૂત્રમાં હરીભદ્રસૂરી - મહારાજ કહે છે, સમ્યગ રીતે, ગુરુની આજ્ઞાનું પાલન કરવું આ પણ એટલું જ જરૂરી છે. કોઈને ભક્તિ છે, બહુમાન છે, લાગણી છે, પ્રેમ છે, ગુરુ વગર રહી શકતા નથી. ભુખ્યા પડવું પડે તો રહે છે, સેવામાં પડાપડી કરે છે. પણ આજ્ઞા પાલન ફાવતું નથી, એનું ભક્તિ અને બહુમાનનું તત્વ-પણ સાચુ નથી, તાત્વિક નથી.

સભાનો પ્રશ્ન :- આજ્ઞા તો શિષ્ય ને પાળવી હોય - પણ પાળવામાં LIMITATION હોય તો શું કરવું ?

પૂજ્યશ્રી નો ઉત્તર :- સવાલના જવાબમાં એક - EXAMPLE આપુ, અમારા દાદા ગુરુદેવ, સમતા સાગર પૂજ્ય પદ્મવિજયજી મહારાજ, કેન્સરનું નિદાન થયું છે, જાતજાતની તકલીફો છે. પ્રેમસૂરીજી મહારાજ, ભુવનભાનુસૂરી મહારાજ સાહેબ, એ વખતે ભાનુ વિજયજી મહારાજ, એમની કાળજી - કરી, કઈ રીતે એમને સમાધિ રહે, કઈ રીતે ચિકિત્સા - સારી થાય, આની બધી જ વ્યવસ્થા કરી.

રાજસ્થાન ચોરવાડ થી પાલીતાણાનો સંઘ નીકળ્યો છે. પૂજ્યશ્રી સાથે છે, ગુરુની નિશ્રામાં સંઘ-આગળ નીકળી રહ્યો છે. સુરેન્દ્રનગર પહોંચ્યો છે. સંઘે પૂજ્યશ્રીને જોયા છે, વિનંતી કરી કે સાહેબ-શા માટે માંદા મહાત્માને આ રીતે સંઘમાં જવું પડે વિહારોની અંદર કેટલી તકલીફ પડે, આપ એમને અહિંયા રાખો, અમને સેવાનો લાભ આપો, આપ સંઘ લઈને પાલીતાણા પધારો, અને પછી આપ-અહીં પાછા પધારો, અમને ચોમાસાનો લાભ આપો, પ્રેમસૂરીજી મહારાજ સંમતિ આપે છે.

સુરેન્દ્રનગરથી સંઘનું પ્રયાણ થાય, એની પહેલા પૂજ્ય ભાનુવિજયજી મહારાજ પાસે એક વૈદ આવે છે, વૈદ કહે છે કે આ મહાત્મા, જેમનું માથુ ફાટી જાય એવી કેન્સરની પીડા, જે ગળા-ની અંદર કંઈ ઉતરે નહિ આવી બધી પીડા, આના માટે મારી પાસે અકસીર ઔષધ છે. ભાનુવિજય-મહારાજ કહે તો આપણે કરીએ. વૈદે ફાકીઓ-બધી આપી છે. કેવી રીતે લેવાનું એ સમજાવ્યું છે, ભાનુવિજયજી મહારાજે કહ્યું છે, કે આ દવા તમે-લેજો. પદ્મવિજયજી મહારાજે તહત્તિ કર્યું છે.

Vedanta
READ | WRITE | GROW

સંઘનું પ્રયાણ થયું છે. વિહાર, સંઘ યાત્રા, આગળ વધ્યા છે. પૂજ્યશ્રીએ દવા લેવાની શરૂઆત કરી છે ને દવા ઉંધી પડી છે. જે માણાની વહેના ઈનીએ અનેક ગણી થઈ ગઈ, માથુ ફરી જાય. પૂજ્યશ્રીની વેદનાના ગુણાકારો થયા છે, દવાનો એક ડોઝ - ઉંધો પડ્યો છે, બીજા ડોઝનો ટાઈમ થયો છે, પૂજ્યશ્રી બીજો ડોઝ લેવા જાય છે, શિષ્યો કહે છે કે ગુરુદેવ આપ આ શું કરો છો ? આપ આ - દવાથી આટલા હેરાન થયા, પૂજ્યશ્રી બીજો ડોઝ - લે છે, બીજો દિવસ થાય છે, સંઘમાં સમાચાર ફેલાઈ જાય છે, શિષ્યો વિનવે છે, શ્રાવકો વિનવે છે, સંઘ ભેગો થયો છે. સાહેબ આ દવા રહેવા દો, અને પૂજ્યશ્રીએ કહ્યું કે મારા ગુરુદેવની આજ્ઞા છે, આ દવા લેવાની, એટલે હું આ દવા લેવાનો છું.

આપણે બહુ હોંશિયાર, આપણે બહુ આપણી બુદ્ધિએ ગીતાર્થ, સમજુ, પરિપક્વ, ગુરુની - આજ્ઞા પણ સમજવાની, આમ કરવાનું, તેમ કરવાનું, આવું કાંઈ નહિ કરવાનું, ગુરુ કહે તો એ કંઈ નહિ, પૂજ્ય પદ્મ વિજયજી મહારાજ, એમને મુંબઈ મોકલ્યાં - હતા એક વાર પ્રેમસૂરીજી મહારાજએ, દાદર પાસે -

(કિરણો)
ટાટા હૉસ્પિટલ જ્યાં કેન્સરના RAYS લેવાના હોય, અને એ ગાંઠ ઓગળી જાય, એમની શાતા રહે, કેન્સર મટી જાય એના માટે મોકલ્યા. સાથે એક મહાત્મા હતા એમનું નામ હતું પૂજ્ય જયતિલક-વિજયજી મહારાજ. અમારી સાથે એમના જીવનના-છેલ્લા વર્ષોમાં સાથે રહ્યા ને એ અમને વાત-કરતા હતા, ગુજરાતથી મહારાષ્ટ્રમાં ENTER થઈએ બસો- અઢીસો કિલોમીટર સુધી એવું કોઈ ગામ-ન આવે, ગોચરી ની વ્યવસ્થા નહિ. આજે તો-વિહારધામો, તીર્થો થઈ ગયા. એ સમયે એ પણ નહિ. આજુબાજુથી ક્યાંકથી શ્રાવક હોય, એ ટીફીન લઈને આવે, જેથી મહાત્મા-ગોચરી વાપરી લે ને વિહાર આગળ કરી શકે.

પૂજ્ય પદ્મવિજયજી મહારાજ ગોચરી વાપરી ને આગળ નીકળી ગયા છે. ડોળીમાં છે, ડોળી FAST રવાના થઈ ગઈ છે. પેલા-શ્રાવકે મહાત્માઓ ને વિનંતી કરી કે સાહેબ, આ થોડું કાચુ દૂધ પણ હું સાથે લાવ્યો છું, અને આપ એની પણ લાભ આપો. કાચુ દૂધ ન-ખપે એવું નથી, કઠોળ એની સાથે ન વપરાય.

જેનાથી વિરાધ ના થાય. બાકી એમ ન બને એવું નથી, પણ સાહેબને પુછ્યું નથી તો, વહોરાય કઈ રીતે. મહાત્મા એ મને વાત કરી કે ડોળી સાથે પણ આપણે નીકળીએ ને AT-A-TIME, તો પણ ડોળીની સાથે રહેવું બધું હોય, ડોળી એટલે વજન અને વજન આવે એટલે માણસ હાંફવા જ લાગે, અને એ હોય ડોળી, સાહેબ ને પુછ્યુ નથી તો આ દુધ વહોરાય નહિ, એક મહાત્મા ડોળી નો પીછો પકડીને ડોળી સુધી પહોંચ્યા, સાહેબને પુછ્યું, કે આ દુધ વહોરાશે કે નહિ ? સાહેબે કહ્યું લસે વહોરાશે, અને એ જવાબ લઈને મહાત્મા પાછા આવ્યા, પછી દુધ વહોર્યું.

ક્યાં આપણા જીવનની સ્વચ્છંદતા, ક્યાં આપણી માનેલી ગીતાર્થતા, ક્યાં આપણી મન-માની, ડગલે ને પગલે આપણું જ ધાર્યું કરવાની આપણી વૃત્તિ, અને ક્યાં આ કક્ષાની સમર્પણ ભાવ, કોઈ વડિલ ન હતા, પણ અત્યારે એમની નિશ્રામાં છીએ, એ જ વડિલ છે, એ જ ગુરૂ છે, એમને પુછ્યા વગર કશું કરાય નહિ.

આપણે કહીએ કે ભાઈ ડોક્ટર હોય તો પુછી લઈએ, આ ભાગની ડોળીને પહોંચવું, ત્યાં પુછવા જવું છે એક તો પંદર કિલોમીટરનો વિહાર હોય ને બે-કિલોમીટર બીજા જવું, વળી પાછા આવવું ને-બાગીસ કિલોમીટર કરવા, આવા ધાડવું, અને કાયું દુધ આપણે કદી વહોર્યુ જ નહિ, વહોરતા જ નથી ને ગુનો થઈ ગયો, ને ભગવાને ના પાડી, ને એમણે કહ્યું છે કે કદી વહોરતા નહિ એવી કોઈ વાત નથી.

સદોષાકરણમ્ ।

હોંશિયાર, પોતાની મનમાની કરનાર, એ સંયમ-જીવન અને શ્રાવક જીવન બંનેમાં FAIL થય છે. જે આજ્ઞા પ્રતિબધ્ધ છે,

## આજ્ઞા જ જેના માટે મંત્રાક્ષર છે!

આજ્ઞા એ સર્વસ્વ છે, આજ્ઞા-સિવાય કોઈ વિકલ્પ જ નથી, વિચાર સુધ્ધા-થઈ શકે એમ નથી. રાજાજીની ને કહેવાયો આવ્યું કે મુકીને, ન્યાય વાંકા હોય, તમને મળવા આવ્યાને, આત્ર રથ ફેરી જાય, એમના આત્રે વિચાર ના કરાય,

15.10.2021

હવે આવતા હોય તો એ ના સ્વીકારાય, બીજા કોઈ
ગોરાને તમે પરણી જાવ ને, રાજુમતી એણે કાન-
માં બીભત્સા બોલાયા હોય, સીસુ રેડાયું હોય,
એમ કાન બંધ કરી દે, ગુરુ આજ્ઞા એ નેમિ-
કુમાર બને, આપણો આત્મા રાજુમતિ બને,
નેમિકુમાર સિવાય બીજો કોઈ વિકલ્પ-
સુધ્ધા ન હોય, બે વિચાર આવે તો નહિ, કોઈ
આપે તો આમ કાનમાં શુળ ભોંકાય, એવી-
વેદના થાય, ત્યારે આ પાંચમું સુત્ર,

सदाज्ञाकरणम् ।

આપણામાં સાકાર થાય, ત્યારે તાત્વિક કક્ષાનો-
ધર્મ મળે, દેશવિરતિ ને સર્વ વિરતિ, ત્યારે આપણી
ખરા અર્થમાં સાકાર થાય. એના માટે પ્રયાસ
કરીએ, આજે સમય થયો છે, આજે આટલુ-
રાખીએ !